
સંતવાણી ગ્રંથાવલિ ૧૦

# ભગવાન ગૌતમ બુદ્ધ



# ભગવાન ગૌતમ બુદ્ધ

## (Bhagavan Gautam Buddha)


સંકલન

ડૉ. અરુણિકા મનોજ દરૂ

(વલસાડ)



નવજીવન પ્રકાશન મંદિર

અમદાવાદ-૩૮૦૦૧૪

આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ. ૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.


**પ્રાપ્તિસ્થાન**

(૧) નવજીવન પ્રકાશન મંદિર
ગૂજરાત વિદ્યાપીઠની પાછળ, પો. નવજીવન, અમદાવાદ-૧૪

(૨) નવજીવન ટ્રસ્ટ (શાખા),
૧૩૦, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨

(૩) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી, શિવાનંદ માર્ગ, અમદાવાદ-૧૫

(૪) દિવ્ય જીવન સંઘ
શિવાનંદ ભવન, રામજી મંદિરની પોળ, સરકારી પ્રેસ સામે, આનંદપુરા, વડોદરા-૩૯૦ ૦૦૧

(૫) દિવ્ય જીવન સંઘ, શિશુવિહાર, ભાવનગર-૩૬૪ ૦૦૧

(૬) દિવ્ય જીવન સંઘ,
મોહન ઑપ્ટિશિયન, આઝાદ ચોક, વલસાડ-૩૯૬ ૦૦૧

**નવ રૂપિયા**



© ગુજરાત દિવ્ય જીવન સંઘ



ત્રીજી આવૃત્તિ, પ્રત ૩,૦૦૦, જૂન ૧૯૯૯
પુનર્મુદ્રણ, પ્રત ૩,૦૦૦, ઑક્ટોબર ૨૦૦૬
કુલ પ્રત : ૬,૦૦૦

ISBN 81-7229-237-6 (set)

મુદ્રક અને પ્રકાશક
જિતેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૩૮૦ ૦૧૪

# પ્રકાશકનું નિવેદન

નવજીવન અને દિવ્ય જીવન સંઘના સંયુક્ત ઉપક્રમે 'સંતવાણી ગ્રંથાવલિ'નો ૨૮ પુસ્તિકાઓનો આ સંપુટ વાચકોના હાથમાં મૂકતાં આનંદ થાય છે.

સર્વધર્મસમભાવના ઉદ્દેશને ધ્યાનમાં રાખી આ 'સંતવાણી ગ્રંથાવલિ' સંપુટ બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદજીની શતાબ્દી નિમિત્તે ગુજરાત દિવ્ય જીવન સંઘ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો. તે તૈયાર કરવામાં અનેક મિત્રોનો સહકાર મળ્યો હતો. છતાં તેની પાછળની એકધારી મહેનત સ્વ. ઉચ્છરંગભાઈ સ્વાદિયાની હતી તે નોંધવું જોઈએ.

આ ગ્રંથાવલિની પહેલી આવૃત્તિ ચપોચપ ઊપડી ગયા પછી ૧૯૮૫માં તેનું પુનર્મુદ્રણ કરવામાં આવ્યું હતું. પરંતુ તેય પહેલી આવૃત્તિની જેમ જ ઝડપથી વેચાઈ જતાં ગ્રંથાવલિ ઘણાં વરસથી ઉપલબ્ધ ન હતી.

ગાંધીજી પ્રસ્થાપિત સંસ્થાની બધા ધર્મોની સાચી સમજણ ફેલાવવાની જવાબદારી છે. વળી ઉચ્ચ શિક્ષણમાં હવે મૂલ્યશિક્ષણ તથા તુલનાત્મક ધર્મોના શિક્ષણનું મહત્ત્વ વધતું જાય છે. કેન્દ્ર સરકારના યોજના પંચે મૂલ્યોના શિક્ષણને પ્રોત્સાહન આપવાનું સમર્થન કર્યું છે. આને અનુલક્ષીને આ પુસ્તક સંપુટ સામાન્ય વાચકો ઉપરાંત ઉચ્ચ શિક્ષણમાં કાર્ય કરતા સહુ કોઈને ઉપયોગી થઈ પડશે.

ગુજરાત દિવ્ય જીવન સંઘે આ ગ્રંથાવલિ આ યોજનામાં પુનર્મુદ્રણ માટે સુલભ કરી તે માટે અમે તેમના આભારી છીએ. 'સંતવાણી ગ્રંથાવલિ'ના આ પુસ્તક સંપુટના પ્રકાશનથી ગાંધીજીના સર્વ-ધર્મસમભાવનો સંદેશો સર્વત્ર વસતાં ગુજરાતી કુટુંબોમાં પ્રસરશે એવી આશા છે.

નવજીવન ટ્રસ્ટના દસ્તાવેજમાં તેના ઉદ્દેશોની પૂર્તિ સારુ જે જે પ્રવૃત્તિઓ કરવાનું સૂચવેલું છે તેમાં હિન્દમાં વસેલી બધી જુદી જુદી કોમો વચ્ચે ઐક્યનો પ્રચાર કરવાનું સૂચવવામાં આવ્યું છે. તે હેતુ માટે નવજીવને ગૂજરાત વિદ્યાપીઠમાં પ્રસ્થાપિત કરેલા અનામત કોશમાંથી આ 'સંતવાણી ગ્રંથાવલિ'નું પુનર્મુદ્રણ જૂન ૧૯૯૯માં પ્રસિદ્ધ કરી રાહત દરે આપવામાં આવ્યું હતું.

'સંતવાણી ગ્રંથાવલિ'ની માંગ ચાલુ રહેતાં નવજીવન તરફથી તેનું આ ત્રીજું પુનર્મુદ્રણ પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યું છે. અને તેની કિંમત સામાન્ય વાચકને પરવડે તેવી રાખવામાં આવી છે તે નોંધવા જેવું છે. અમને આશા છે કે સર્વધર્મસમભાવના પ્રચારાર્થે થતા આ પ્રકાશનને વાચકો તરફથી યોગ્ય આવકાર મળવાનું ચાલુ રહેશે.

તા. ૨-૧૦-'૦૬

# ગૌતમ બુદ્ધ

વિશ્વના એક મહાન ધર્મના સ્થાપક ગૌતમ બુદ્ધ ઈશુ ખ્રિસ્તના જન્મના આશરે છસો વર્ષ પૂર્વે થયા ત્યારે ભારતવર્ષનો એ સાંસ્કૃતિક પરિવર્તનનો યુગ હતો. બુદ્ધના જન્મ પૂર્વે વૈદિક સંસ્કૃતિ ભારતની આધારશિલા હતી. કાળે કરીને તેમાં દૂષણો પ્રવેશ્યાં. બુદ્ધના સમય પહેલાં વેદોની આત્મભાવના, વેદાંતનું આત્મજ્ઞાન, દર્શનશાસ્ત્રોની અન્વેષણવૃત્તિ, રામાયણની નીતિમર્યાદા ને મહાભારતનો આદર્શ ભારતીય સંસ્કૃતિમાં એકરસ બની ચૂક્યો હતો. સાથે સાથે વેદાન્તની શુષ્ક ચર્ચાઓ, દર્શનપાંડિત્ય, મિથ્યા કર્મકાંડની પળોજણ - એ દૂષણોએ વૈદિક ધર્મને ભ્રષ્ટ કરવાની શરૂઆત કરી દીધી હતી. ભારતીય સંસ્કૃતિના પાયાના સદ્‌ગુણો નષ્ટપ્રાય થઈ તેમાં જન્મજાત અધિકારવાદ, કર્મકાંડ, યજ્ઞહિંસા, વિવાદ-સંઘર્ષ અને તજ્જન્ય વિષમતાએ અનધિકૃત પ્રવેશ કરવા માંડ્યો હતો. સામાજિક ને ધાર્મિક પરિસ્થિતિ આવી હતી તો રાજકીય સ્થિતિમાં પણ દૂષણો પ્રવેશવા માંડ્યાં હતાં. પ્રાચીનકાળથી ચાલી આવેલી અંગ, મગધ, કાશી, કોસલ, કોશામ્બી જેવી સ્વતંત્ર ગણરાજ્યોની મહાજનસત્તાક પદ્ધતિ નબળી પડીને નષ્ટ થવા માંડી હતી. આવી સામાજિક, રાજકીય ને ધાર્મિક ગ્લાનિના સમયે ધર્મના અભ્યુત્થાન માટે, જગતની શૃંખલાના છેદન માટે, ભારતીય સંસ્કૃતિના સંવર્ધન માટે રામના ઇક્ષ્વાકુ વંશની પરંપરામાં બુદ્ધાવતાર થયો.

ભારતની ઉત્તરે નેપાળના તરાઈ પ્રદેશમાં કપિલવસ્તુ નામે

નગરી હતી.* તેમાં શાક્યવંશનો શુદ્ધોદન રાજા રાજ્ય કરતો હતો. આ રાજ્ય રોહિણી નદીને કિનારે આવેલું હતું. અને એ નદીના પાણી માટે શાક્ય લોકો તેમ જ સામા કિનારાના કોલિય લોકો વચ્ચે અનેક યુદ્ધો થયાં હતાં, છતાં એ જ કોલિયવંશની બે કન્યાઓ માયાદેવી અને મહાપ્રજાપતિ ગૌતમીનાં લગ્ન શાક્ય રાજા શુદ્ધોદન સાથે થયાં હતાં. શાક્યવંશનું આ રાજ્ય કોસલ અને મગધ જેવાં બે બળવાન રાજ્ય વચ્ચે આવેલું હોવા છતાં એ બે રાજ્યો પરસ્પર લડતાં હોઈ, શાક્ય લોકો સ્વતંત્ર રહેવા પામ્યા હતા. શુદ્ધોદનને ચાર ભાઈઓ હતા : શુકલોદન, શાક્યોદન, ધોતોદન અને અમિતોદન. ગૌતમ બુદ્ધના વિશ્વસનીય ચરિત્રકાર ધર્માનંદ કોસમ્બીની માન્યતાનુસાર બુદ્ધનો જન્મ શુદ્ધોદનને ત્યાં ઈ. સ. પૂર્વે ૬૨૩માં થયો હતો. નંદ તેના નાના ભાઈનું નામ. ભગવાન બુદ્ધની જીવનકથામાં આવતા મહાનામ અને અનુરુદ્ધ શુકલોદનના પુત્રો હતા અને આનંદ અમિતોદનનો દીકરો હતો.

શુદ્ધોદન રાજાને બે સ્ત્રી હોવા છતાં બાળક ન હતું. રાજા-પ્રજા વાટ જોતાં હતાં ત્યારે કહેવાય છે કે સ્વર્ગમાં દેવોએ બોધિસત્ત્વને અવતાર લેવા વીનવ્યા અને -

''પ્રભા ત્યાં ફેલાઈ જગત પર દિવ્ય મુદતણી
હસી સૃષ્ટિ હાસે, દલકમલનાં ફુલ્લ બનિયાં.''

અષાઢી પૂનમના તહેવારે મહામાયાને એક દિવ્ય સ્વપ્ન

---

*ગંગાની ખીણમાંનાં મોટા ભાગનાં રાજ્યો તે વખતે વસ્તુતઃ ગણરાજ્યો હતાં. તેના અધ્યક્ષપદે 'રાજા' હતા.

આવ્યું. સ્વપ્નમાં પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ એમ ચાર દિશાના દેવો આવ્યા. તેમણે માયાદેવીનો પલંગ ઊંચક્યો. એ પલંગ જાદૂઈ શેતરંજીની માફક ઉડ્ડયન કરતો, ગામ ને નગર વટાવતો હિમાલયનાં શિખરો પાસેના એક પવિત્ર સરોવર પાસે આવ્યો. ત્યાં ચાર રાણીઓએ માયાદેવીનો સત્કાર કર્યો અને સુગંધી દ્રવ્યોથી તેને સ્નાન કરાવી, દિવ્ય વસ્ત્રાભૂષણોથી શણગારી એક સુંદર સુવર્ણપ્રાસાદના વરંડામાં પલંગ પર સુવાડી ત્યાંથી તેની નજર દૂર દિવ્ય તેજ:પુંજમાં સ્નાન કરતા એક ઉત્તુંગ ગિરિ પર પડી. એનાં શિખરો પર એક શ્વેત હાથી હતો. હાથીની સૂંઢમાં સુંદર શ્વેત પદ્મ હતું. માયાદેવીની ત્યાં નજર પડતાં જ હાથી ત્વરિત ગતિથી પર્વત ઊતરી એ સુવર્ણપ્રાસાદમાં આવ્યો. એના આગમનથી જાણે વિજયડંકા વાગવા લાગ્યા. માયાદેવીની ત્રણ વાર પ્રદક્ષિણા કરી, દક્ષિણ બાજુએથી એ જાણે તેની કૂખમાં પ્રવેશ્યો ને રાણીની આંખ ખૂલી ગઈ. સ્વપ્નથી અતિ પ્રસન્ન થઈ રાણીએ તેના પતિને વાત કરી. રાજાએ પ્રાત:કાળે સ્વપ્નપાઠકોને બોલાવીને સ્વપ્નનું ફળ પૂછ્યું. તેમણે ખુલાસો કર્યો કે રાણી એક અલૌકિક બુદ્ધિવાળા પુત્રની માતા બનશે, જે પુત્ર કાં તો ચક્રવર્તી રાજા થશે અથવા તો પૃથ્વી પરની અજ્ઞાનતા અને પાપબોજ દૂર કરનાર મહાપુરુષ થશે. લગ્ન પછી ઘણે વર્ષે બાળકનું આગમન થનાર હોઈ રાજારાણી બંને અતિ પ્રસન્ન રહેવા લાગ્યાં. રાણીને ઉત્તમ દોહદ થવા લાગ્યા. રાજાએ તે સર્વ દોહદ પ્રેમપૂર્વક પૂર્ણ કર્યા. દસમે માસે રાણીએ પતિની સંમતિ મેળવી પિયર દેવદહ તરફ પ્રયાણ કર્યું. માર્ગમાં લુંબિની ઉદ્યાનમાં વિશ્રાંતિ માટે સહુ રોકાયાં ત્યારે ઉદ્યાનના પ્રાકૃતિક

વાતાવરણમાં એક પુષ્પ તોડવા જતાં માયાદેવીને ઊભાં ઊભાં પ્રસૂતિ થઈ અને પુત્ર જન્મ્યો. તે જ આગળ જતાં ભગવાન બુદ્ધ કહેવાયો.

બુદ્ધના જન્મનું સ્થળ, તેના માતાપિતાનું નામ, જન્મ પહેલાં માતાને આવેલું સ્વપ્ન, સ્વપ્નામાંનું દૃશ્ય એ બધું જ જાણે કે સંકેતરૂપ છે. પિતાનું નામ શુદ્ધ + ઓદન. ઓદન એટલે અક્ષત અને તે પણ વિશુદ્ધ. મતલબ કે દેવપૂજાની સામગ્રી. માતાનું નામ માયાદેવી. જન્મ પહેલાં માતાને સ્વપ્નમાં કમળસહિત હાથી દેખાયો તે પણ સૂચક. હાથી વિશાળ સ્વરૂપ ને સૂક્ષ્મ સૂઝ સૂચવે છે. જ્યારે કમળ પવિત્રતા ને અલિપ્તતા સાથે સૌંદર્યનું પ્રતીક છે. આમ હાથી અને કમળ બુદ્ધનું વિલક્ષણ વ્યક્તિત્વ તથા વિશાળ સમુદાયના કલ્યાણનું પવિત્ર જીવનકાર્ય સૂચવે છે. લુંબિનીના ઉદ્યાનમાં થયેલો જન્મ પણ સૂચક છે. સામાન્ય રીતે બાળકનો જન્મ પલંગ પર માતાની સુપ્ત દશામાં જ થાય. અહીં પ્રસૂતિ ઊભાં ઊભાં થઈ છે તેમાં પણ અનોખાપણું છે. બાળક જન્મીને મોહમાયામાં સુપ્ત રહેવાનો નથી પણ તેમાંથી તે પોતાની રીતે અલગ તરી આવીને સ્વાશ્રયથી ઊભો રહેશે. ફૂલ ચૂંટતાં પ્રસૂતિ થઈ. મતલબ કે આવનાર બાળક પુષ્પની જેમ સૌરભ પ્રસારશે. રાજપુત્ર હોવા છતાં પિતૃગૃહે કે મોસાળમાં વિશાળ ભવ્ય પલંગ પર નહીં અને વિશાળ ગગનના ઘુંમટ હેઠળ ઉદ્યાનમાં જન્મ થયો તે પણ જાણે કે એમની ભાવિ કારકિર્દીનો સંકેત આપે છે. જેષ્ટિવન, વેણુવન, જેતવન, આમ્રવન વગેરેથી ભર્યા ભર્યા કુદરતી સૌંદર્યવાળા પ્રદેશો વચ્ચે ભગવાન બુદ્ધ હજારો ભિક્ષુઓ સાથે જીવનભર વિહાર કરતા રહ્યા. એ રીતે જન્મથી તે

નિર્વાણપર્યંત ભગવાન બુદ્ધનું જીવન મહદંશે કુદરત સાથે એકરસ બની રહ્યું તેનો જાણે સંકેત આપે છે. એમના જન્મ પછી એમની માતા માયાદેવીનું સાત જ દિવસમાં મૃત્યુ થયું તે પણ વિશિષ્ટ સંદેશ આપનારું ગણી શકાય. બુદ્ધ બનનાર માયાથી અલિપ્ત જ હોય. બુદ્ધ બને તે માયાના બંધનમાંથી તત્કાળ મુક્ત જ થાય. માયાનું પછી અસ્તિત્વ જ ન રહે. કહેવાય છે કે ભગવાન બુદ્ધ જન્મતાંવેંત સાત ડગલાં ચાલ્યા હતા. સાત પગલાં ચાલતાં મૈત્રી થાય એ આપણી પુરાણકલ્પિત માન્યતાનો આશ્રય લઈએ તો ભગવાનને સમસ્ત જગત સાથે મૈત્રી હતી એવો આ ઘટનાનો અર્થ તારવી શકાય. નવજાત શિશુ પોતાના પગ પર ઊભું ન રહી શકે પણ ભગવાન બુદ્ધનું તો જીવન જ નિરાળું હતું. જન્મથી જ સ્વાશ્રયી અને પોતાના સ્વત્વ પર ઊભા રહેનારા, પોતાનો ઇષ્ટમાર્ગ સ્વયં પ્રાપ્ત કરનાર હતા એવું તારણ કાઢી શકાય.

ભગવાન બુદ્ધ જન્મતાં જ પદ્મ-શા પવિત્ર અને અલિપ્ત હતા. અશ્વઘોષ જેવા ચરિત્રકાર લખે છે કે નવજાત શિશુને સ્નાન કરાવવા ચંદ્રકિરણ સમી દ્વિવિધ જળધારા, શીત અને ઉષ્ણ આકાશેથી ઊતરી અને દેવોએ મસ્તક પર શ્વેત ચંદરવો તાણી દીધો. આવાં કાવ્યમય વર્ણનો સૂચવે છે કે ભગવાનનો અવતાર કેવળ સ્વપરિવારને માટે જ નહીં પણ વસુધૈવ કુટુંબને માટે થયો હતો. તેથી એમના જન્મે સમગ્ર સૃષ્ટિ આનંદે નાચી ઊઠી.

શુદ્ધોદન રાજાને ખબર મળતાં તેમણે માતા તથા બાળકને તેડાવી લીધાં. નગરમાં આનંદોત્સવ થયા તે વખતે વૃદ્ધ અસિત ઋષિ ત્યાં આવ્યા. થયું એવું કે આ ઋષિ હિમાલયનાં શિખરો પર તપશ્ચર્યા કરતા હતા. ત્યાં અચાનક તેમણે સ્વર્ગનાં દિવ્ય

વાજિંત્રો સાંભળ્યાં તેથી ધ્યાનભંગ થયા અને જોયું તો તળેટીમાં તેજ:પુંજ નજરે પડ્યો. તળેટીમાં કોઈ વિશિષ્ટ ઘટના બની છે એવો ખ્યાલ આવતાં, તે જાણવા માટે તેઓ પ્રકાશની ધારે ધારે શુદ્ધોદનના પ્રાસાદમાં પ્રવેશ્યા. શુદ્ધોદને આદરસત્કાર કરી બાળકને તેમના અંકમાં મૂક્યો. ઋષિએ બાળકની લક્ષણસંપન્નતા જોઈ પ્રશંસા કરી અને કહ્યું: ''હે રાજન ! પૂર્વ-ભવોનાં પવિત્ર કર્મોનું આજે તમને ફળ મળ્યું છે. ખરેખર તમારું કુટુંબ ખૂબ જ ભાગ્યશાળી છે.'' આટલું કહેતામાં ઋષિની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. પ્રશ્ન પૂછતાં તેમણે ખુલાસો કર્યો કે આ દિવ્ય જીવનો મનનીય સંદેશ શ્રવણ કરવા જેટલું હું લાંબું જીવીશ નહીં તેનું મને દુ:ખ છે. તેથી હું રડું છું. ઋષિની આર્ષવાણી સાંભળ્યા પછી રાજાએ જ્યોતિષીઓને બોલાવી બાળકના જોશ જોવડાવ્યા. બધાએ એકીઅવાજે બાળકને બત્રીસલક્ષણો જાહેર કર્યો. અને ચક્રવર્તી રાજા અથવા મહાપુરુષ થશે એવું ભવિષ્યકથન કર્યું.

બાળકના જન્મની સાથે જ રાજ્યમાં ધનધાન્યની સમૃદ્ધિ થવા માંડી. પ્રકૃતિમાં પણ આનંદદાયક પરિવર્તનો જણાવા લાગ્યાં. આમ સર્વ અર્થ સિદ્ધ થતાં, કુમારનું નામ સર્વાર્થસિદ્ધ પાડવામાં આવ્યું. પછી શબ્દનો સંક્ષેપ થતાં તેમાંથી સિદ્ધાર્થ થયું. ગૌતમ તેના ગોત્રનું નામ હતું. બુદ્ધ જીવનના વિશ્વસનીય ચરિત્રકાર કોસમ્બીના કથન મુજબ બોધિસત્ત્વનું સાચું નામ ગૌતમ (ગોતમ) હતું અને તેના ગોત્રનું નામ આદિત્ય હતું. જે હો તે. આપણે તેમને તેમના પ્રચલિત થયેલા નામ સિદ્ધાર્થથી ઓળખીશું.

માતા માયાદેવીના મૃત્યુથી તેનાં માસીમા મહાપ્રજાપતિ ગૌતમીએ સિદ્ધાર્થને ઉછેર્યો. એક તો રાજકુટુંબમાં જન્મ અને તે પણ વર્ષોની પ્રતીક્ષા પછી. તેથી તેમનો ઉછેર નાનપણથી જ અતિશય લાડકોડમાં થયો હતો. આઠ વર્ષની ઉંમરે તેમને વિશ્વામિત્ર નામે ગુરુ પાસે જ્ઞાન લેવા બેસાડ્યા ત્યારે તેમની સમજણ અને જ્ઞાનથી પ્રભાવિત થયેલા ગુરુએ તેમને સામા વંદન કર્યાં હતાં. ક્ષત્રિય રાજકુમારને અનુરૂપ તેમને ધનુર્વિદ્યા, અશ્વારોહણ, રથસંચાલન વગેરેની તાલીમ આપવામાં આવી.

નાનપણથી જ સિદ્ધાર્થમાં જીવમાત્ર પ્રત્યે કરુણા હતી. હાથીસવારી, રથસંચાલન કે અશ્વદોડ વખતે હાથી અને ઘોડાને ઓછામાં ઓછો શ્રમ પડે તે તરફ તેમનું સર્વદા લક્ષ્ય રહેતું. બીજાં બાળકો ખેલકૂદ કરતાં હોય ત્યારે તેઓ સદાય ઊંડા વિચારમાં ડૂબેલા રહેતા અને કલાકો સુધી ધ્યાનસ્થ બેસી રહેતા. એમની ૧૧ વર્ષની ઉંમરે એક મહત્ત્વનો બનાવ બન્યો. પ્રતિવર્ષની જેમ રાજ્યમાં હળખેડનો ઉત્સવ ઊજવાયો. રાજા-પ્રજા સહુ ખુલ્લા મેદાનમાં એકત્ર થયાં. રાજા સોનાનું હળ, અન્ય જમીનદારો ચાંદીનાં હળ અને સામાન્ય પ્રજાજનો લાકડાંનાં હળ લઈ હાંકવા ઊભા હતા. બળદો અને હળોને શણગારવામાં આવ્યાં હતાં. લોકો રંગબેરંગી વસ્ત્રોમાં સજ્જ હતાં. સર્વત્ર આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ હતું. ત્યારે બધાના આનંદમાં ભાગ લેવાને બદલે કુમાર સિદ્ધાર્થ સૂનમૂન થઈ જાંબુના ઝાડ નીચે બેઠા હતા. બળદોને પડતા કષ્ટથી તેમનું હૃદય દ્રવતું હતું. કહેવાય છે કે જીવમાત્ર પ્રત્યેની કરુણાથી આર્દ્ર તેમને સુકુમાર વયે પ્રથમ વાર ત્યાં જ સમાધિ લાગી ગઈ. રાજા-પ્રજા

સહુ ચકિત બની ગયાં.

એક વાર શુદ્ધોદન રાજા પોતાના પુત્રને વસંતની શોભા જોવા ખેતરોમાં લઈ ગયા. ચોતરફ હરિયાળી, નિસર્ગની સૌંદયશ્રી, વાસંતી વાયુનો આહ્લાદજનક સ્પર્શ, પક્ષીઓનો શ્રવણમધુર કલરવ - એ બધાથી આનંદવિભોર બનવાને બદલે કુમારને દુ:ખી જોઈ રાજાને આશ્ચર્ય થયું, ત્યારે સ્પષ્ટતા કરતાં કુમારે કહ્યું: ''પિતાજી, આમાં મને તો ક્યાંય પણ આનંદનું દર્શન થતું નથી. જુઓ આ સાપ ને ગરોળી જીવજંતુઓની હિંસા કરે છે. ગીધ ને સમડી અન્ય જીવોનો શિકાર કરે છે. મોટી માછલી પાણીના જીવોનું ભક્ષણ કરે છે. આમ મને તો પૃથ્વી પર, અવકાશમાં, જળમાં ક્યાંય શાંતિ કે સૌંદર્ય જણાતાં નથી.'' આમ સુકુમાર વયે જ વસ્તુના બાહ્ય સૌંદર્યને અતિક્રમી તેના હાર્દ સુધી પહોંચવા તરફ તેમનું લક્ષ્ય રહેતું.

પ્રકૃતિની શોભા નિહાળતા અને પરમતત્ત્વને સમજવા મથતા તેઓ એક વાર વિચારમાં બેઠા હતા ત્યાં અચાનક એક ઘાયલ હંસને ચિત્કાર કરી આકાશમાંથી પડતો જોયો. ઉડ્ડયન કરતા હંસોના વૃંદમાંથી ઘાયલ થતાં તે નીચે આવી પડ્યો હતો. સિદ્ધાર્થે દોડી જઈને તેને પોતાની ગોદમાં લીધો અને પ્રેમથી પંપાળીને તેની પાંખમાં ભોંકાયેલું કાતિલ બાણ હળવેથી કાઢી નાંખ્યું. થોડી વારે પક્ષીનો ફફડાટ શમ્યો. તે શાંત થઈ સિદ્ધાર્થની ગોદમાં ભરાયું. સિદ્ધાર્થે પ્રેમભર્યા સ્પર્શથી તેને સાંત્વન આપ્યું. ત્યારે તેમનો પિત્રાઈ ભાઈ દેવદત્ત ત્યાં આવ્યો અને હંસની માગણી કરી. સિદ્ધાર્થે હંસ આપવાની ના પાડી. બંને વચ્ચે વિવાદ જાગ્યો. બંને રાજા શુદ્ધોદન પાસે પહોંચ્યા.

અંતે સર્વસંમતિથી નિર્ણય લેવાયો કે મારનાર કરતાં તારનારનો હક પ્રથમ ગણાય. હંસ સિદ્ધાર્થ પાસે રહ્યો. સિદ્ધાર્થે તેની પ્રેમપૂર્વક સારવાર કરી અને તે સાજો થતાં તેને પુન: અવકાશમાં મુક્ત કરી દીધો. જીવમાત્ર પ્રત્યેની કરુણાનું દર્શન કરાવનાર આ પ્રસંગમાં બુદ્ધની ભાવિ પ્રતિભાનાં બીજ દેખાય છે.

ચિરકાલ સુધી ટકતી ધ્યાનમગ્ન દશા, વસ્તુના હાર્દને પામવાની તત્પરતા અને સંસારના સુખોપભોગને સ્થાને સંયમશીલ સ્વભાવ - આવાં સાધુપુરુષોનાં લક્ષણો પુત્રના આચરણમાં જોઈને તથા પુત્ર અંગેના ભવિષ્યકથનના સ્મરણથી શુદ્ધોદનનું પિતૃહૃદય સચિંત બન્યું. પુત્રને સાધુ થતો રોકવા તેઓ સક્રિય બન્યા. તેમણે શીત, ગ્રીષ્મ ને વર્ષા -ની ઋતુત્રિવેણીને લક્ષમાં રાખી રાજકુમારના આનંદપ્રમોદને માટે ત્રિવિધ સુંદર પ્રાસાદો તૈયાર કરાવ્યા અને સિદ્ધાર્થ એ પ્રાસાદોમાં, સુખની જ કેદમાં રહે, સંસારનાં સંતાપો જરા, વ્યાધિ આદિ તેને સ્પર્શે નહીં તેમ જ નજરે પડે નહીં તે માટે સરસ બંદોબસ્ત કર્યો, છતાં જગતના આવા ક્ષુલ્લક ને ક્ષણભંગુર પદાર્થો યુવાન સિદ્ધાર્થને કેમે કરીને આકર્ષી શકતા નહીં. મૂંઝાયેલા પિતાએ નગરના સુજ્ઞજનોની સલાહ લીધી. સર્વેએ એકમતે સિદ્ધાર્થને લગ્નબંધનમાં બાંધી દેવાની સલાહ આપી. હવે પ્રશ્ન એ થયો કે અનાસક્ત યુવકને સ્ત્રીસૌંદર્યનો અનુરાગી કરવો શી રીતે? વિચારણાને અંતે એવો નિર્ણય લેવાયો કે એક સુંદર સમારંભનું આયોજન કરવું. તેમાં રૂપગુણવતી સર્વ શાક્ય સુંદરીઓને આમંત્રણ આપવું અને સિદ્ધાર્થને શુભ હસ્તે તેમને આભૂષણો ભેટ અપાવવાં. વિવિધ વસ્ત્રાલંકારથી સુસજ્જ સુંદરીઓ પ્રતિ

સિદ્ધાર્થનું ધ્યાન દોરાય એવા પ્રયોજનથી આ ઉત્સવનું આયોજન થયું હતું. પણ આભૂષણો સ્વીકારતી એકે સુંદરીના લાજાળ સ્મિતભર્યા મોહક મુખ સામે સિદ્ધાર્થે દૃષ્ટિ સુધ્ધાં ન કરી. એમ કરતાં સર્વ સુંદરીઓ એક પછી એક આભૂષણો લઈ વિદાય થઈ. બાકી રહી કેવળ તેની માતુલકન્યા યશોધરા. તેણે પોતાનો હસ્ત ફેલાવ્યો. સિદ્ધાર્થ પાસેનાં આભૂષણો દાનમાં દેવાઈ ગયાં હતાં. બાકી કશું ન રહેતાં તેમણે સહજ રીતે કન્યા સામું જોયું. પછી, ગળામાંથી રત્નમાળા કાઢી યશોધરાના હસ્તમાં સોંપી. એમ કરતાં બંનેની દૃષ્ટોદૃષ્ટ મળી. રાજાનો પુરુષાર્થ સફળ થયો. યશોધરાએ સિદ્ધાર્થનું દિલ જીતી લીધું. શુદ્ધોદને માયાદેવીના ભાઈ દંડપાણિ પાસે તેમની પુત્રી યશોધરાનું માગું કર્યું. તત્કાલીન રિવાજાનુસાર દંડપાણિએ ક્ષાત્રશૂરાતન સ્પર્ધા યોજી. સિદ્ધાર્થના પિતરાઈ ભાઈઓ નંદ, દેવદત્ત આદિએ અન્ય યુવકો સાથે આ સ્પર્ધામાં ભાગ લીધો. ધનુર્વિદ્યામાં દેવદત્તને, અસિવિદ્યામાં નંદને અને અશ્વવિદ્યામાં અર્જુનને હરાવી સિદ્ધાર્થ સર્વશ્રેષ્ઠ સાબિત થયો અને યશોધરા જેવા નારીરત્નને પામી શક્યો.

સૌંદર્યશીલવતી પત્ની યશોધરાનું સાન્નિધ્ય હોવા છતાં, સિદ્ધાર્થ એ મોહમાયામાં રંગાયા ન હતા. જેમ ભમરડો સહુથી વધુ સ્થિર લાગે ત્યારે સહુથી વધુ ગતિમાન હોય છે તેમ સંસારની સુખસમૃદ્ધિમાં સ્થિર લાગતા સિદ્ધાર્થનું મન તો જાણ્યેઅજાણ્યે સંસારથી પરની ક્ષિતિજો તરફ જ ગતિમાન હતું. પણ બાહ્યાચારના ઉપલક્ષ્યમાં જીવનાર સામાન્ય જનને એનો ખ્યાલ ક્યાંથી હોય? જે વખતે રાજા તેમ જ નગરજનો

સિદ્ધાર્થને મોહનિદ્રામાં માની પોતાની જાગૃતિ વિશે ગર્વ લેતા હશે ત્યારે વાસ્તવમાં તો તેથી વિપરીત જ હતું. અજ્ઞાનની સુષુપ્ત દશામાં તેઓ હતા અને સિદ્ધાર્થનું આંતરમન જાગ્રત હતું. તેવામાં યશોધરાએ પુત્રરત્નને જન્મ આપ્યો. રાજપુત્ર ગાદીવારસ રાજકુમાર અને યશોધરાના પતિ સિદ્ધાર્થના વ્યક્તિત્વમાં, નવજાત શિશુના પિતાનું એક વધુ પાસું ઉમેરાયું. હવે સિદ્ધાર્થના સંસારમાં રચ્યાપચ્યા રહેવા વિશે સહુ નિઃશંક બન્યા, પણ પુત્રજન્મે સિદ્ધાર્થના આંતરચક્ષુ ખોલી નાખ્યાં. બાળક રાહુલ તેમને અધ્યાત્મમાર્ગના રાહુ (રોડા) રૂપ લાગ્યો. ગરમ થયેલા લોઢા પર એક ઘા પડે અને આકાર વધુ સ્પષ્ટ બને તેમ સિદ્ધાર્થને એમનો ભાવિ માર્ગ સ્પષ્ટ દેખાવા લાગ્યો; જરા, મૃત્યુ, વ્યાધિ વગરના જીવનની ખોજ માટે સંન્યાસધર્મ અનિવાર્ય જણાતાં તેમણે પિતા પાસે તે માટે સંમતિ માગી. પુત્રવત્સલ સંસારી પિતા શી રીતે યુવાન રાજપુત્રને સંસારત્યાગની સંમતિ આપે ? પિતાની આંખમાંથી વહેતી અશ્રુધારાએ સિદ્ધાર્થને વધુ દલીલો કરતા રોક્યા અને ચૂપ કરી દીધા. તેઓ વિશ્રામભવન પાછા ફર્યા. વિશ્રામભવન આવતાં તેમના પગ થંભ્યા પણ વિચારોનું ચંક્રમણ ચાલુ જ રહ્યું (કહેવાય છે કે રાજાએ તે પછી પ્રાસાદોમાં વિપુલ ભોગસામગ્રી મોકલાવી. સાથે સાથે નગરના દરવાજા પર વધુ કડક પહેરો ગોઠવ્યો). એ વિચારોના ફળસ્વરૂપે રાહુલના જન્મ પછી સાતમે દિવસે મધ્યરાત્રિએ સિદ્ધાર્થે પરમ સત્યની શોધમાં મહાભિનિષ્ક્રમણ કર્યું.

ભગવાન બુદ્ધના જીવન પર પ્રકાશ નાખતી ગાથાઓના

અભ્યાસ પરથી સિદ્ધાર્થના ગૃહત્યાગનાં ત્રણ કારણો નીકળે છે : એક તો તે સમયે તેમના જાતભાઈઓ શાક્યો અને કોલિયો વચ્ચે અગાઉ જોયું તેમ સંઘર્ષ ચાલુ હતો અને સિદ્ધાર્થને પોતાની પ્રકૃતિ વિરુદ્ધ તેમાં ઊતરવાની ફરજ પડે તેમ હતું. બીજું ગૃહસ્થધર્મ તેમને સંકડાશવાળો લાગ્યો. ફળસ્વરૂપે સંન્યાસીના જીવન પ્રતિ આકર્ષણ વધ્યું. પત્ની ને પુત્ર પ્રત્યેના પ્રેમથી ગૃહત્યાગ મુશ્કેલ તો લાગ્યો પણ જીવ જરા વ્યાધિ અને મરણધર્મી છે એનું જ્ઞાન થયું ત્યારે પુત્ર દારાની આસક્તિની નિરર્થકતા સ્પષ્ટ સમજાઈ. તેથી ક્લેશકર ગૃહસ્થાશ્રમને સ્થાને તેમણે સંન્યાસ સ્વીકારવાનો નિર્ણય કર્યો. મતલબ કે શાક્યકોલિય સંઘર્ષ એ તેમના ગૃહત્યાગનું પ્રેરક બળ હતું. પરિવ્રાજક ધર્મનું આકર્ષણ એના મહત્ત્વના કારણરૂપ હતું અને બાલ રાહુલનો જન્મ એના નિમિત્તરૂપ હતો. વૈરાગ્ય તરફ જન્મજાત અભિરુચિ તો હતી જ. તેથી જ સંસારસુખના ત્યાગનો આ દિવ્ય નિર્ણય શક્ય બન્યો. પત્ની, પિતા, પુત્ર, દાસદાસી અરે સમગ્ર નગરજનોને સૂતાં મૂકી, આંતરમનથી જાગ્રત થયેલા સિદ્ધાર્થ જગતનાં ચર્મચક્ષુ ખોલવાના દૃઢ નિર્ણયથી સુખની સુંવાળી સેજ છોડી ચાલી નીકળ્યા - સત્યની શોધમાં, પરમતત્ત્વની પ્રાપ્તિ માટે, તપસ્યાના અદૃષ્ટ અજ્ઞાત માર્ગે; સ્વાન્તઃ સુખાય નહીં પણ બહુજન હિતાય, પ્રેય છોડી શ્રેયસ્કર પંથે.

મધ્યરાત્રિએ યશોધરા બેબાકળી બની જાગી ગઈ. સિદ્ધાર્થે તેને સાંત્વન આપી, તેના ગભરાટનું કારણ પૂછ્યું. યશોધરાએ તેને આવેલા સ્વપ્નત્રયીની વાત કરી. પ્રથમ સ્વપ્નમાં તેણે

મહાન વૃષભને નગરના દરવાજા તોડી નાસતો જોયો. દ્વિતીય સ્વપ્નમાં ચતુર્વિધ દેવોએ નગરના જૂના ધ્વજને સ્થાને નવીન તેજોમય ધ્વજ રોપ્યો જે દૂર દૂર સુધી ઊડ્યો અને ત્યારે શબ્દો સંભળાયા - ''સમય સમીપ છે. સમય સમીપ છે.'' અને ત્રીજા સ્વપ્નમાં યશોધરાએ પતિની પથારી સૂની જોઈ. સ્વપ્નમાં એ જાગી ગઈ તો એનાં આભૂષણો સરી પડ્યાં હતાં. મસ્તકનાં વેણીપુષ્પો રોળાઈ ગયાં હતાં. પલંગનો રેશમી પડદો ચિરાઈ ગયો હતો. પેલા ધસમસતા વૃષભની દોટ, દૂર ફરકતો નૂતન ધ્વજ અને 'સમય સમીપ છે'નો ઘેરો નાદ - એ ત્રણેના એકસાથ શ્રવણદર્શનથી આકુળવ્યાકુળ યશોધરા ચોંકી ઊઠી. સિદ્ધાર્થે તેને દિલાસો આપતાં કહ્યું: ''તું વિશ્વાસ રાખજે. હું તને ચાહતો હતો અને ચાહું છું. ગમે તે બનાવ બને. વૃષભ કદાચ ચાલ્યો જાય, ધ્વજ દૂર ઊડતો દેખાય છતાં હું તને ચાહતો હતો અને ચાહું છું. જે ચીજ હું આખા જગતને સારુ શોધું છું તે તારે માટે તો વિશેષ કરીને શોધું છું.'' વિશ્વાસુ આર્યપત્ની પતિનાં પ્રેમપૂર્વકનાં વચનોથી ધરપત રાખી સૂઈ ગઈ પણ 'સમય સમીપ છે'ના નાદે જાગ્રત થયેલા સિદ્ધાર્થ તે પછી ક્યારેય મોહનિદ્રામાં ન પડ્યા. મધ્યરાત્રિએ તે ઊઠ્યા. મનમાં મંથન ચાલતું હતું. સૂતેલા પુત્ર ને પત્ની પાસે આવ્યા. ગૃહત્યાગની ઈચ્છાએ ત્રણ વાર દ્વાર સુધી ગયા ને પાછા આવ્યા. પછી મનોમંથનને શમાવી તેમણે નિર્ણયને દૃઢ કર્યો અને જગતના શ્રેય માટેના યજ્ઞમાં સ્વપ્રીતિનું સ્વહસ્તે બલિદાન આપ્યું. સારથિ છન્નને ઉઠાડ્યો અને કંથક ઘોડા પર બેસી તેમણે નગરનો ત્યાગ કર્યો. કહેવાય છે કે પ્રભુકૃપાએ નગરના દરવાજા આપોઆપ

ખૂલી ગયા અને કંથકના ડાબલાએ સૂતા નગરજનો જાગીને સિદ્ધાર્થના માર્ગમાં અવરોધ ઊભા ન કરે તે આશયે દેવોએ નગરના માર્ગ પર પુષ્પો પાથર્યાં. કપિલવસ્તુથી પિસ્તાળીસ કોશ દૂર, અનોમા નદીને કિનારે ત્રણે આવી પહોંચ્યા. ત્યાં આવીને સિદ્ધાર્થે પોતાનાં આભૂષણો છન્નને સોંપ્યાં અને પોતાની તલવારથી પોતાના કેશ કાપી નાખ્યા. સિદ્ધાર્થ ત્યાંથી વનમાં પ્રવેશ્યા. વનમાં ફરતા પારધીને તેમણે પોતાનાં રેશમી વસ્ત્રો આપી, બદલામાં તેનું જીર્ણ વસ્ત્ર પરિધાન કર્યું. ફરતા ફરતા તેઓ મગધની રાજધાની રાજગૃહમાં પ્રવેશ્યા. આ નગરી વિંધ્યાચલ પર્વતની પાંચ ટેકરી પર આવેલી હતી. તેમાંની એક રત્નગિરિ પર સિદ્ધાર્થે નિવાસસ્થાન બનાવ્યું. ત્યાં ભિક્ષા માગતા લોકોનાં ટોળેટોળાં કુતૂહલવશ એકત્ર થયાં. પ્રથમ દિવસે ભિક્ષાન્ન આરોગતા સિદ્ધાર્થના રાજરસથી ટેવાયેલા નાજુક દેહને તકલીફ પડી. પછી તેઓ ટેવાઈ ગયા. ભિક્ષાન્ન આરોગી તેઓ કલાકો સુધી ધ્યાનમાં બેસતા.

એક વાર ભિક્ષા માગી પાછા ફરતાં તેમણે જોયું કે ભરવાડો ઘેટાંબકરાંનાં ટોળેટોળાં લઈ મધ્યાહ્નના સખત તાપમાં નગર પ્રતિ જઈ રહ્યા છે. પ્રશ્ન પૂછતાં ખબર પડી કે બિંબિસાર રાજાના યજ્ઞના આ બલિ છે. સાંભળતાં સિદ્ધાર્થનું હૃદય કરુણાથી દ્રવી ઊઠ્યું. એક લંગડાતા ઘેટાને ખભે ઊંચકી ભરવાડો સાથે યજ્ઞસ્થળે પહોંચી તેમણે યજ્ઞબલિને સ્થાને પોતાનો દેહ ધરી દીધો. તેજોમય, સુકુમાર માનવદેહનો વધ કરતાં બ્રાહ્મણો અચકાયા. સિદ્ધાર્થે તેમને જીવમાત્ર પ્રત્યેની કરુણાનો બોધ આપ્યો અને યજ્ઞમાં જીવહિંસા થતી અટકાવી. બિંબિસાર

રાજાએ તો અજાણ્યા યોગીથી પ્રભાવિત થઈને તેમને આખું રાજપાટ સોંપવાની તૈયારી બતાવી પણ રાજપાટ છોડીને આવેલા સિદ્ધાર્થને એ જંજાળમાં ફસાવું જ ન હતું. તે પછી રાજા બિંબિસારે યજ્ઞનિમિત્ત; તેમ જ ભોજનનિમિત્તે થતા પશુવધને અટકાવ્યો.

રાજગૃહ છોડીને સિદ્ધાર્થ વૈશાલી ગયા. ત્યાં આલારકાલામના આશ્રમમાં રહી તેમની પાસેથી ધ્યાનપદ્ધતિ - સજ્ઞાધિનાં સાત સોપાન - શીખ્યા. પછી ઉદ્રક રામપુત્ર પાસેથી સમાધિના આઠમા સોપાનનું શિક્ષણ પ્રાપ્ત કર્યું. યોગસાધનાનું શિક્ષણ પૂર્ણ કરી સિદ્ધાર્થ, મગધ દેશની રમણીય ભૂમિ ઉરુવેલા પહોંચ્યા. અહીં એમને ઉદ્રકના કૌંડિન્ય વગેરે પાંચ પ્રતાપી શિષ્યો મળ્યા. આ પાંચેય સિદ્ધાર્થ સાથે જોડાઈને સાધના કરવા લાગ્યા, અને સિદ્ધાર્થની સેવા કરવા લાગ્યા. સિદ્ધાર્થે અહીં હઠયોગની સાધના કરી. શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ આદિ ઈન્દ્રિયોના આહાર રોકી સાધના કરતા, ખોરાક મર્યાદિત કરતા કરતા કેવળ વાયુભક્ષણ સુધી આવ્યા. શરીર એકદમ સુકાઈ ગયું. શક્તિઓ ક્ષીણ થઈ ગઈ છતાં પ્રસન્ન ચિત્તે તેમણે સાધના ચાલુ રાખી. ઉગ્ર તપશ્ચર્યા અને હઠયોગની પરાકાષ્ઠાએ પહોંચવા છતાં જ્યારે ચિત્તનું સમાધાન ન થયું ત્યારે એકાએક તેમણે દૈવી સંકેત સમી વાણીનું શ્રવણ કર્યું. વીણાવાદક તેની સખીને કહેતી હતી અલી ! વીણાના તારને વધારે કે ઓછા ખેંચીશ નહીં. વધારે ખેંચીશ તો તાર તૂટી જશે અને ઓછા ખેંચીશ તો તાર ઢીલા પડી જશે માટે તારને વધારે કે ઓછા ખેંચીશ નહીં. આ ગીતા શ્રવણથી સિદ્ધાર્થને સાધનાનું સંતુલન સાચવવાની મધ્યમ

માર્ગની અગત્ય સમજાઈ ગઈ. તેમણે નિરાહાર રહેવાનું છોડી દીધું. ભરવાડના બાળકને બોલાવીને તેની પાસેથી દૂધ માગીને ગ્રહણ કર્યું. આ દિવસોમાં પાસેના ગામની ધનવાન સ્ત્રી સુજાતાએ પોતાના વ્રતની પૂર્ણાહુતિ નિમિત્તે બનાવેલી ખીર અર્પણ કરી, તેમની ખાસ સેવા કરી તેથી સિદ્ધાર્થ જલદીથી સાજા થયા અને પોતાની સાધનામાં આગળ વધી શક્યા. પેલા કૌંડિન્યાદિ પાંચ કર્મકાંડી ભિક્ષુઓએ સિદ્ધાર્થે આહાર લીધો એમ ખબર પડી તેથી તપસ્યા માર્ગથી તેઓ ચળ્યા એમ માનીને તેમને છોડી ગયા. આમ મહેલમાં હતા ત્યારે હઠભોગ, પછી હઠયોગ અને અંતે રાજયોગની સાધના તરફ સિદ્ધાર્થ વળ્યા.

વૈશાખી પૂર્ણિમાનો પવિત્ર દિવસ હતો. સિદ્ધાર્થ બુદ્ધત્વપ્રાપ્તિના દૃઢ નિર્ધાર સાથે બોધિવૃક્ષ નીચે આસન લગાવી બેઠા હતા. નિરંજના નદી વહેતી હતી. આકાશમાં ચંદ્ર પૂર્ણકળાએ પ્રકાશિત હતો. ત્યારે પરમજ્ઞાન પ્રાપ્તિના સિદ્ધાર્થના પુરુષાર્થમાં અવરોધ નાખવા 'માર' તેની સમગ્ર સેનાસહિત - રતિ-અરતિ ને તૃષ્ણાદિ પુત્રીઓ તેમ જ મોહ, માયા, લોભ, અજ્ઞાન આદિ સુભટો સહિત - ત્યાં આવ્યો. રાતભર સિદ્ધાર્થને ચળાવવા તેણે પ્રયત્નો કર્યા પણ સિદ્ધાર્થ જેનું નામ, અર્થ સિદ્ધ કર્યા વગર રહે તો ને ? અંતે 'માર'ને હાર કબૂલવી પડી. સિદ્ધાર્થે ઐહિક વાસનાઓ પર વિજય મેળવ્યો.

મારવિજયથી સિદ્ધાર્થ સંબુદ્ધ થયા. તેમનાં દિવ્યચક્ષુ ઊઘડી ગયાં. તેના બળે તેમણે પાછલા ભવો જોયા. હલકી સ્થિતિમાંથી બુદ્ધત્વપ્રાપ્તિ સુધીનાં સોપાનો સ્પષ્ટ થયાં. તે પછીના તબક્કે

સમગ્ર વિશ્વના જીવોનું જ્ઞાન થયું. વિજ્ઞાનનાં ઊંડાણોનું મધ્યબિંદુ સમજાવતી એ દ્વિતીય સમાધિ હતી. તેમાંથી વૃદ્ધાવસ્થા ને મરણના શરીરધર્મો સમજાવતા પ્રાણમય આનંદની તૃતીય સમાધિ પ્રાપ્ત થઈ. અંતે ચતુર્થ સમાધિમાં ચાર ઉમદા સત્યો શોધ્યાં. દુઃખ છે, દુઃખનું કારણ છે, દુઃખનો નાશ છે અને તે માટે ઉપાયો છે. આ જ્ઞાન થતાં સિદ્ધાર્થના જન્મનો અર્થ સિદ્ધ થયો અને તેઓ 'ભગવાન' બુદ્ધ The Enlightened One બન્યા.

જ્ઞાનપ્રાપ્તિ પછી સાત દિવસ એ જ આસન પર આનંદમગ્ન સ્થિતિમાં વિતાવ્યા. તે પછીને અઠવાડિયે અન્ય એક જગ્યાએ બેસી અનિમેષ નેત્રે બોધિવૃક્ષ તરફ જોતા રહ્યા. અનિમેષ નેત્રે બાહ્ય આનંદની મગ્નતાની આ સ્થિતિ અર્પનાર જગ્યા હાલ અનિમેષ ચૈત્ય નામે ઓળખાય છે. ત્યાર પછી અત્યારે જ્યાં બોધિગયાનું મંદિર ઊભું છે તેની નજીક સાત દિવસ ચંક્રમણ કરતા રહ્યા. આ સ્થાને બાંધવામાં આવેલો સાઠ ફૂટ લાંબો ચબૂતરો (જેના પર ભગવાનનાં પદચિહ્નરૂપે કમળો કોતરેલાં છે, તે) આજે પણ મોજૂદ છે. પછી જે સ્થળે સાત દિવસ આસન લગાવ્યું તે સ્થળ 'રત્નાઘર' નામે ઓળખાય છે. કહેવાય છે કે તેમની આસનસ્થ દશામાં તેમના દેહમાંથી સૂર્યની જેમ સપ્તરંગી કિરણોનો આવિર્ભાવ થતો લોકોએ જોયો હતો. પાંચમે અઠવાડિયે અજપાલ વૃક્ષ નીચે એક બ્રાહ્મણને બોધ આપ્યો હતો. છઠ્ઠે અઠવાડિયે મુચલિન્દ સરોવરકાંઠે ધ્યાનમગ્ન હતા ત્યારે ભયંકર આંધી ઊઠી હતી અને નાગરાજ મુચલિન્દે સરોવર બહાર આવીને તેમના પર પોતાની ફેણ ફેલાવી રક્ષા કરી

હતી. સાતમે સપ્તાહે જગતહિતાર્થે વિચારવાનું નક્કી કર્યું. બે ઉત્કલવાસી વેપારી ત્યાં આવ્યા અને ભક્તિભાવપૂર્વક છાશ અને મધુપિંડ મૂક્યા. જ્ઞાનપ્રાપ્તિ પછીનો આ પ્રથમ આહાર હતો. આમ બે વેપારીઓ ભગવાનના સહુ પ્રથમ શ્રાવક અથવા અનુયાયી બન્યા. बुद्धं शरणं गच्छामि અને धम्मं शरणं गच्छामि એ બે શરણાં ત્યારે અસ્તિત્વમાં આવ્યાં. સંઘ થવાને હજુ વાર હતી.

હવે બુદ્ધે પોતાના જ્ઞાનની અનુભૂતિ આલારકાલામ અને ઉદ્રક રામપુત્રને સમજાવવાનું નક્કી કર્યું પણ બંનેના દેહાંતની વાત સાંભળી તેઓ તેમના પ્રથમ થયેલા શિષ્યો કૌંડિન્યાદિ પાસે જવા નીકળ્યા. રસ્તામાં ઉપક નામે આજીવક શ્રમણ મળ્યો. બુદ્ધે તેને પોતે સ્વબળે જ્ઞાન મેળવ્યું છે અને પોતે જિન છે એમ કહ્યું તે સાંભળી તે ચાલ્યો ગયો. તે પછી ભગવાન કાશી ગયા. ત્યાં કૌંડિન્ય વગેરે પાંચ શિષ્યોએ તેમને દૂરથી જોયા. વ્રતભંગ થયેલા સાધુને માન ન આપવું એમ મનોમન તેમણે નક્કી કર્યું છતાં ભગવાન નજીક આવ્યા ત્યારે તેઓ મન સાથે કરેલો નિશ્ચય છોડી ઊભા થઈ ગયા અને તેમને ભાવપૂર્વક વંદન કર્યાં. ભગવાને તેમને બુદ્ધદશા પછી પહેલવહેલો ઉપદેશ આપ્યો. આ દીર્ઘ ઉપદેશ ધર્મચક્રપ્રવર્તન નામે પ્રખ્યાત છે.*

આ પંચવર્ગીય ભિક્ષુઓ - કૌંડિન્ય, વાશ્વ, ભદ્રિક, મહાનામ ને અશ્વજિત - તેમના પ્રથમ શિષ્યો થયા અને તે પાંચેનો ભિક્ષુસંઘ બન્યો. તે સાથે बुद्धं शरणं गच्छामि, धम्मं शरणं गच्छामि અને संघं शरणं गच्छामि એમ બૌદ્ધ ત્રિશરણાનો જન્મ થયો.

---

*ધર્મચક્રપ્રવર્તન વિશે આ ચરિત્રને અંતે જોઈશું.

કાશીમાં યશ નામે એક સુસંપન્ન યુવાન રહેતો હતો. સિદ્ધાર્થના પૂર્વચરિત્રને મળતું તેનું જીવન હતું. ફેર એટલો જ કે સંસારની આસક્તિમાં એ જાતે ફસાયો હતો પણ અંતે ભોગવિલાસથી ત્રાસી, સંસારથી નાસી છૂટ્યો. ભગવાને તેને ઉપદેશ આપી શાંત કર્યો તે પણ તેમનો શિષ્ય થયો. પછીથી તેને શોધતાં તેનાં માતાપિતા, પત્ની વગેરે આવ્યાં. તેમણે પ્રવ્રજ્યા ન લીધી પણ બુદ્ધ ધર્મ અંગીકાર કર્યો. યશને શ્રમણ વેશમાં જોઈ તેના પૂર્વાશ્રમના ચોપ્પન સાથીમિત્રો પણ દુર્ગુણોનો ત્યાગ કરી ભગવાનના શિષ્યો બન્યા. આમ શિષ્યસમુદાયની સંખ્યા સાઠે પહોંચી. એ સર્વેને તેમણે બહુજનહિતાય જનસેવાનું કાર્ય સોંપ્યું. અને જનસમાજમાં ત્રિશરણની ઉપદેશદીક્ષા આપવા મોકલ્યા. યશની માતા અને પત્ની પ્રવ્રજ્યા લીધા વગર ગૃહસ્થાધર્મમાં રહ્યાં. આ રીતે આ બંને આ ધર્મની પ્રથમ ઉપાસિકાઓ બની.

આખું ચોમાસું કાશીના મૃગદાવ ઉપવનમાં ગાળી આસો પૂનમે ભગવાન ઉરુવેલા જવા નીકળ્યા. ત્યાં અરણ્યમાં આમોદપ્રમોદ અને રંગરાગમાં મસ્ત શોખીન સ્ત્રી-પુરુષોનાં જોડાં જોયાં. ભગવાને સહુને ઉપદેશ કર્યો એથી સહુએ પ્રભાવિત થઈ દીક્ષા લીધી. ભગવાનના દર્શન-ઉપદેશથી જનસમાજ કેટલી ઝડપથી પ્રભાવિત થતો હતો, તેમનામાં કેવું ત્વરિત પરિવર્તન આવતું હતું તેનું આ ઉત્તમ ઉદાહરણ ગણાવી શકાય.

ઉરુવેલામાં કાશ્યપ નામે પવિત્ર બ્રાહ્મણ ઋષિ પોતાના પાંચસો શિષ્યો સાથે રહેતા હતા. વેદના સારા જાણકાર હતા અને અગ્નિહોત્રાદિ ક્રિયાકાંડમાં જ મગ્ન રહેતા હતા. ભગવાન

તેમના નિવાસસ્થાને ગયા અને તેમણે એક રાત રોકાવાની ઈચ્છા કરી. ઋષિના આશ્રમ પાસે અગ્નિકુંડ નજીક પ્રચંડ શક્તિવાળો ઝેરી નાગ રહેતો હતો. સર્વની ના છતાં બુદ્ધ રાત ત્યાં રહ્યા અને પોતાના સદ્‌ગુણોના બળે એ ઝેરી નાગને વશ કર્યો, અહિંસક બનાવ્યો. તે જોઈ કાશ્યપ પ્રભાવિત થયા. પછી ભગવાન બુદ્ધે તેમને તેમના ક્રિયાકાંડની નિરર્થકતા સમજાવી. અંતે કાશ્યપે તેમના પાંચસો શિષ્યો સાથે બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો અને સહુ તેમના શિષ્યો બન્યા. આ વાત જાણી કાશ્યપના ભાઈઓ નદીકાશ્યપ અને ગયાકાશ્યપ પણ પોતપોતાના પાંચસો શિષ્યો સાથે એમાં જોડાયા. બુદ્ધ ભગવાને ત્યારે અગ્નિપૂજા પર એક પ્રવચન આપ્યું ને ઈન્દ્રિયશુદ્ધિના નિયમો સમજાવ્યા.

બોધિજ્ઞાન મળ્યા પછી બિંબિસાર રાજાને મળવાનું વચન આપેલું તેને સંસ્મરી બુદ્ધ ભગવાન તે પછી રાજગૃહ જવા નીકળ્યા. બિંબિસાર રાજા તો ભગવાન બુદ્ધને કાશ્યપભાઈઓ અને તેમના શિષ્યો સમેત જોઈ દંગ થઈ ગયા. ભગવાને રાજાની હાજરીમાં કાશ્યપને પ્રશ્ન પૂછી તેમને મુખે સકામયજ્ઞની વ્યર્થતા સમજાવી. બિંબિસાર એથી પ્રભાવિત થયા, અને બુદ્ધના અનુયાયી બન્યા. આ વાતની ખબર પડતાં લોકોનાં ટોળેટોળાં તેમના દર્શનાર્થે અને ઉપદેશ શ્રવણાર્થે તેમની પાછળ પાછળ ભમવા લાગ્યાં. બિંબિસારે ભિક્ષુસંઘને 'વેણુવન' સમર્પિત કર્યું. આ જ પહેલવહેલો ભિક્ષુઓના સંઘનો વિહાર બન્યો.

રાજગૃહમાં સંજયગુરુના સારિપુત્ર અને મોગલ્લાન એવા બે મુખ્ય શિષ્યો બીજા અઢીસો શિષ્યો સાથે બૌદ્ધ ભિક્ષુસંઘમાં મળ્યા અને બુદ્ધનું શિષ્યત્વ મેળવી કૃતાર્થ થયા. આ સમય

દરમિયાન શિવશંકર નામે બ્રાહ્મણપુત્ર યજ્ઞક્રિયાદિ, પશુબલિદાન વગેરેથી કંટાળ્યો હતો અને પિતરાઈ ભાઈભાભીના ત્રાસથી સંતપ્ત હતો. તેણે બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો. પછીથી તેણે મૈત્રેયાણીપુત્ર એવું નામ ધારણ કરી દીક્ષા લીધી અને શ્રમણ થયો. આ સારિપુત્ર મોગલ્લાન અને મૈત્રેયાણીપુત્ર ભગવાનના પટ્ટશિષ્યોમાં ગણાયા છે. રાજગૃહમાં બે માસ રહ્યા પછી ભગવાન લિચ્છવીઓની વિનંતીને માન આપી તેમની રાજધાની વૈશાલીમાં આવ્યા અને મહામારીના રોગચાળા વખતે સહુને ઉપદેશ અને આશ્વાસન આપ્યાં. વૈશાલીથી ફરી પાછા રાજગૃહ આવી વેણુવનમાં રહેવા લાગ્યા ત્યારે પેલા બે વેપારીઓ મારફત કપિલવસ્તુમાં શુદ્ધોદનને ભગવાનની ખ્યાતિની વાત મળી. તેણે તેમને તેડાવવા અમાત્યને થોડા માણસો સાથે મોકલ્યા. ભગવાનનો ઉપદેશ સાંભળી એ સર્વેએ દીક્ષા લીધી. કોઈ પાછું ન ગયું. રાજાજીએ બીજી વાર માણસો મોકલ્યા તે પણ પાછા ન ગયા. આવું લગભગ નવેક વાર બન્યું. અને શુદ્ધોદન રાજાએ કંટાળીને સિદ્ધાર્થના બાળમિત્ર ઉદાયીને મોકલ્યા. તેમણે ભગવાનનો ઉપદેશ સાંભળી સાધુ થઈ જવાય અને સંદેશો આપવાનું ભૂલી જવાય એ બીકે વેણુવનમાં પ્રવેશતાં જ કર્ણવિવર બંધ કર્યાં. અને બુદ્ધ પાસે જઈ તેમને તેમના પૂર્વાશ્રમના પિતા તથા પત્નીનો સંદેશો કહ્યો. અલબત્ત, પછીથી તો તેમણે પણ પ્રવ્રજ્યા જ લીધી. હવે ભગવાન રાજગૃહથી કપિલવસ્તુ તરફ જવા નીકળ્યા. બે મહિને કપિલવસ્તુ પહોંચી સંઘના નિયમ મુજબ નગર બહાર ઉદ્યાનમાં ઊતર્યા. નગરમાં ખબર પડતાં સર્વત્ર આનંદ વ્યાપી રહ્યો. આબાલવૃદ્ધ દર્શનાર્થે આવ્યા. રાજા

શુદ્ધોદન પુત્રને ઘેર ઘેર ભિક્ષા માગતો જોઈ દુઃખી થયા ત્યારે ભગવાને, આ અમારા કુળનો ધર્મ છે કહી સાધુના ધર્મો સમજાવીને શાંત કર્યા. ભગવાને ન્યગ્રોધારામમાં મુકામ કર્યો. મહેલમાંથી તેમ જ નગરમાંથી સર્વકોઈ દર્શને આવ્યા. ન આવી યશોધરા. સાત સાત વર્ષ સુધી તે દિવસના એક વાર ભોજન, ભૂમિશયન અને વ્રતતપ કરી પતિની રાહ જોતી હતી. ભગવાન સારિપુત્ર અને મોગલ્લાન એ બે શિષ્યોને લઈને યશોધરાના મહેલે ગયા. રસ્તામાં બુદ્ધે બંને શિષ્યોને ચેતવણી આપી કે આપણા સંઘના નિયમ પ્રમાણે શ્રમણે સ્ત્રીને અડકવું ન જોઈએ. તેમને અડકવા દેવી ન જોઈએ. છતાં જો યશોધરા આવીને મને અડકે તો તમે રોકતા નહીં. યશોધરાનું માનસ ભગવાન બરોબર સમજ્યા હતા. યશોધરા પૂર્વજીવનના પતિ સિદ્ધાર્થને સાધુના સ્વાંગમાં જોઈ પગે બાઝી પડી ખૂબ રડી. પછી સિદ્ધાર્થની સિદ્ધિ જોઈ, તેમની અને પોતાની વચ્ચે વિશાળ અંતર જોઈ, બાજુએ જઈ ઊભી. ભગવાને તેમને પ્રસંગાનુરૂપ ઉપદેશ આપ્યો. પછીથી યશોધરા ઉપાસિકા બની અને જ્યારે ભગવાને પોતાની ઇચ્છા વિરુદ્ધ પોતાના પ્રિય શિષ્ય આનંદની ભલામણથી અને વિધવા પાલક માતા પ્રજાપતિ ગૌતમીના અતિ આગ્રહથી સ્ત્રીઓને માટે કેટલાક નિયમો બાંધી આપી ભિક્ષુણી વર્ગ સ્થાપ્યો ત્યારે યશોધરા તેની મુખ્ય સાધ્વી બની.

તે અરસામાં કપિલવસ્તુમાં ભગવાનના નાના ભાઈ ગૌતમીપુત્ર નંદનો યુવરાજ તરીકે અભિષેક તથા વિવાહ હતા. ભગવાને તેને પ્રશ્નો પૂછીને સમજાવીને પ્રવ્રજ્યા આપી. તે પછી બાળ રાહુલનો વારો આવ્યો. ભગવાન ભિક્ષાનિમિત્તે રાજમહેલ

આવ્યા ત્યારે યશોધરાએ રાહુલને તેના પિતા બતાવીને તેમની પાસે તેને વારસો માગવા મોકલ્યો. રાહુલે બુદ્ધ બનેલા પિતા પાસે માગણી કરી. બુદ્ધે જવાબ ન આપ્યો. રાહુલ વારસાની માગણી કરતો કરતો ઉતારા સુધી પાછળ પાછળ આવ્યો. ઉતારે આવીને ભગવાને સારિપુત્રને સૂચવ્યું આને પ્રવ્રજ્યા આપો. એ જ એનો વારસો છે. આમ ભગવાને રાહુલને પોતાનો સાચો અપૂર્વ વારસો આપ્યો. નંદ અને રાહુલ બંનેને પ્રવ્રજ્યા મળવાથી શુદ્ધોદન બેચેન બન્યા અને ભગવાન પાસે દોડી આવ્યા. સગીર ઉંમરના બાળકને માતાપિતાની સંમતિ વગર પ્રવ્રજ્યા દેવાનું અનૌચિત્ય દર્શાવી તેમણે ભવિષ્યમાં તેમ ન કરવાનું ભગવાન પાસે વચન લીધું. ભગવાન બે માસ કપિલવસ્તુમાં રહ્યા પછી અનોપિયા આમ્રવનમાં આવ્યા. તે સમયે તેમના સ્વજનો અને શાક્યોમાંથી જે કેટલાક તેમના શિષ્યો થયા તેમાં આનંદ, મહાનામ દેવદત્ત અને અનિરુદ્ધ તો તેમના પિતરાઈ ભાઈઓ જ હતા. તેમાંથી આનંદ નિરંતર તેમની સાથે રહેતો અને તેમનો પટ્ટશિષ્ય બન્યો હતો. દેવદત્ત પ્રથમ તેમનો શિષ્ય બન્યો પછીથી પ્રતિસ્પર્ધી બની તેમના પર કલંક લગાવતાં પણ ચૂક્યો ન હતો. ઉપાલી જાતનો હજામ હતો પણ તેની ધાર્મિક વૃત્તિ બેહદ હતી અને બુદ્ધિ પણ વિચક્ષણ હતી તેથી તે સંઘનો મોટો નાયક બન્યો હતો.

ગુરુ તરીકે બુદ્ધ ભગવાને અનેક શિષ્યો કર્યા. ઊંચનીચ, રાયરંક, બ્રાહ્મણ-ચાંડાલ, સંન્યાસી-ગૃહસ્થી, પુરુષો-સ્ત્રીઓ એમ સર્વ પ્રકારના શિષ્યો થયા. કોસલનો પ્રસેનજિત, કોશામ્બીનો ઉદયન, મગધનો બિંબિસાર - રાજાઓ હતા.

નંદ, રાહુલ જેવા રાજકુમારો હતા. કાશ્યપબંધુઓ, સારિપુત્ર, મોગલ્લાન જેવા અન્ય સંપ્રદાયનું પાલન કરનાર અન્ય ગુરુના શિષ્યો હતા. અંગુલીમાલ જેવો લૂંટારો હતો. ઉપાલી હજામ હતો અને આમ્રપાલી જેવી ગણિકા પણ હતી. તેમાંના કેટલાક શ્રમણ થયા તો બીજાઓ કેવળ તે મત સ્વીકારી ઉપાસક થયા. એમના શિષ્યમંડળમાં બૌદ્ધ ધર્મના પ્રસારક તરીકે જેમના નામોલ્લેખ મળે છે તેમાં કૌંડિન્ય અશ્વજિત, સારિપુત્ર, મોગલ્લાન, મહાકાશ્યપ, મહાકાત્યાયન અનિરુદ્ધ, ઉપાલી, પિંડોળા, ભારદ્વાજ, રાહુલ અને મૈત્રેયાણીપુત્ર એ પ્રમુખ છે.

બુદ્ધ ભગવાને પ્રથમ વર્ષાઋતુ વેણુવનમાં ગાળી ત્યારે સુદત્ત નામે શ્રાવસ્તી નગરીનો એક ધનવાન ત્યાં ધર્મશ્રવણાર્થે આવતો. પછીથી તેણે બોદ્ધ ધર્મ અંગીકાર કર્યો. તે ગરીબોનો બેલી અને દાનમાં અગ્રેસર હતો. તેથી તે અનાથપિંડદ નામથી વિખ્યાત થયો. તેણે ભગવાનને શ્રાવસ્તી નગરીમાં આવવાનું નિમંત્રણ આપ્યું હતું. શ્રાવસ્તીમાં તે વખતે રાજા પ્રસેનજિત રાજ્ય કરતો હતો. તેના પુત્રના નામ પરથી ત્યાં આવેલા રમણીયવનનું નામ જેતવન રાખવામાં આવ્યું હતું. અનાથપિંડદે તેની તસુએ તસુ જમીન ઢાંકી શકાય તેટલી આશરે ચોપન કરોડ સોનામહોર આપીને, તે વન રાજકુમાર પાસેથી ખરીદી લીધું અને બુદ્ધના સાધુઓને વાસ્તે એક ભવ્ય વિહાર બંધાવ્યો અને બુદ્ધચરણે અર્પણ કર્યો. આ કીમતી રમણીય ભૂમિ પરથી પછીથી ભગવાને અમૂલ્ય ઉપદેશવચનો આપ્યાં. એ ઉપદેશોનો સંગ્રહ તે 'ધમ્મપદ,' જે મહત્તામાં હિંદુ ધર્મગ્રંથ ભગવદ્ગીતાની સાથે મૂકી શકાય તેવો સમૃદ્ધ છે. શ્રાવસ્તીની વિશાખા નામે ધનવાન સ્ત્રીએ

પણ પૂર્વારામ નામે વિહાર બંધાવી અર્પણ કર્યો. તેના પુત્ર મિગારના બૌદ્ધ ધર્મ સ્વીકાર પછી તે ઉપાસિકા મિગારમાતાને નામે બૌદ્ધ ગ્રંથોમાં વિખ્યાત થઈ.

બુદ્ધત્વપ્રાપ્તિ પછી પ્રથમ પરિચિતોને જ્ઞાનોપદેશ કર્યા પછી ભગવાનનો સર્વલોક સંપર્કનો કાળ શરૂ થયો. નદી-નાળાં, પર્વતો-વનો પસાર કરી, વિહાર વિચરણ કરતા ભગવાને લગભગ ૪૫ વર્ષ સુધી ભારતના હૃદયને સ્થાને આવેલા પ્રદેશો - બિહાર, ઉત્તર પ્રદેશ, અવંતિ, મથુરા -ને પોતાની જીવનલીલાનું કાર્યક્ષેત્ર બનાવ્યું. મુખ્યત્વે મગધ, કોસલ, વત્સ ને અવંતિ એ ચાર રાજ્યો મધ્ય વિભાગનાં કેન્દ્રસ્થળો હતાં. ત્યાં બૌદ્ધ ધર્મના ઊંડા પાયા નખાયા અને ત્યાંથી ભગવાનનો જીવનસંદેશ આખા ભારતમાં ફેલાયો. આવાં પચીસેક સ્થાનો મળીને લગભગ સવા ચારસો જેટલા ઉપદેશો તેમણે આપ્યા. પ્રારંભમાં સંઘના ગુણસંવર્ધન તેમ જ સંખ્યાવિકાસ તરફ લક્ષ્ય આપ્યું પછી સર્વલોક સંપર્ક માટે અખંડ પરિભ્રમણ કરતા રહ્યા. મગધ પ્રદેશ તો આખો જ ભિક્ષુવિહાર જેવો બની ગયો હતો તેથી તેનું મૂળ નામ વીસરાઈને વિહાર અથવા બિહાર તરીકે તે ઓળખાવા લાગ્યો.

ભગવાનનો અતિશય પ્રભાવ જોઈ તેમના પિતરાઈ ભાઈ દેવદત્તને ઈર્ષ્યા આવી. તેણે મગધના રાજકુમાર અજાતશત્રુ પાસે, તેના પિતા બિંબિસારની હત્યા કરાવી તેને ગાદીએ બેસાડી, સંઘનો અધિપતિ કરવો અને પછી તેની મદદથી બુદ્ધની હત્યા કરવી - એવું કાવતરું ઘડ્યું. પણ તે પકડાઈ ગયું. બિંબિસારે પુત્રને ક્ષમા આપી. તે પછી દેવદત્તે ભગવાનને મારવા ત્રણ પ્રયત્નો કર્યા. એક વાર ધન આપીને મારાઓ મોકલ્યા

જેમનું બુદ્ધના ઉપદેશશ્રવણથી હૃદયપરિવર્તન થયું. બીજી વાર બુદ્ધ તળેટીમાં ફરતા હતા ત્યારે પહાડ પરથી તેમના પર પથ્થર ગબડાવ્યો અને ત્રીજી વાર નાલાગિરિ નામે ગાંડો હાથી છોડ્યો. ત્રણે કાવતરાં નિષ્ફળ ગયાં. એક વાર નવા આવેલા પાંચસો શિષ્યોને ઉશ્કેરેલા. પ્રત્યેક વેળાએ ભગવાને દેવદત્તને ક્ષમા આપેલી. આ પછી મહિનાઓ સુધી માંદગી ભોગવી દેવદત્ત મૃત્યુ પામ્યો.

બીજા પંથવાળા વિરોધીઓએ પણ ભગવાનને કલંક-લાંછન લગાવવાના પ્રયત્નો કર્યા હતા. એક વાર ચિંચા નામે એક સ્ત્રીને પૈસાથી લોભાવીને તે ભગવાન દ્વારા સસત્ત્વા થઈ છે એવો આક્ષેપ મુકાવીને, તો બીજી વાર એક સ્ત્રીની હત્યા કરાવીને. ભગવાને તેની સાથે વ્યભિચાર કર્યો છે અને પાપ ઢાંકવા તેની હત્યા કરી છે એમ બેવડો આરોપ લગાવ્યો પણ બંને વખત પોકળ ફૂટી ગયું. સત્યને ક્ષણિક ઢાંકી દેનાર આવરણ દૂર થઈ ગયું અને સત્ય સૂર્ય પેઠે પ્રકાશી ઊઠ્યું. અલબત્ત, એ સર્વ પ્રસંગોમાં ભગવાને તો ક્ષમાદષ્ટિ જ રાખી. બુદ્ધનો પ્રમુખ શિષ્ય મોગલ્લાન મહાપ્રભાવશાળી ધર્મવક્તા હોવાથી બીજા પંથવાળાઓએ દ્વેષથી શિલાથી છૂંદીને તેને મારી નાખેલો. અજાતશત્રુએ પિતા બિંબિસારને કારાગૃહમાં પૂરી ભૂખ્યા-તરસ્યા મારી નાખેલા. અલબત્ત, પછી તો તે પોતાના પાપકર્મ માટે પસ્તાયેલો અને બુદ્ધ ભગવાન પાસે જઈ ઉપદેશ શ્રવણ કરી શાંત થયેલો. તેણે પાછળથી બૌદ્ધ ધર્મને સારી સહાય કરી. બુદ્ધના નિર્વાણ પછી મળેલી પહેલી સભાને તેણે સારો ટેકો આપ્યો હતો. સંઘમાં પણ ભિક્ષુઓની સંખ્યા વિશેષ હોવાને કારણે તેમની પ્રકૃતિ, રુચિ ને

મતિભિન્નતાથી ક્યારેક વિવાદો થતા; છતાં ભગવાને પોતાની આગવી રીતે સરળ દષ્ટાંતો દ્વારા લોકોને સમજ પડે તે રીતે અને તેવી ભાષામાં જ્ઞાનોપદેશનું અને બોધામૃતનું પાન કરાવીને સંઘને પ્રાણવાન અને સતત સેવાપરાયણ બનાવ્યો તેથી બૌદ્ધ સંઘની આવડી જીવંત ને ધરખમ અસર લોકસમાજ પર પડી અને હજાર વર્ષ સુધી કાયમ રહી.

છપ્પન વર્ષની ઉંમરે ભગવાન પર પહેલી વાર વૃદ્ધાવસ્થાની છાયા પડી. તેમને એક પરિચારકની જરૂર જણાઈ. સારિપુત્ર અને મોગલ્લાન બંનેએ સેવાની તૈયારી બતાવી પણ આવા મહાપ્રભાવશાળી ધર્મપ્રચારકને કેવળ સેવાકાર્યમાં લગાવવાથી સંઘને નુકસાન થાય તેમ હતું તેથી ભગવાને આનંદ પર પસંદગી ઉતારી. આનંદે પ્રસન્ન ચિત્તે એકનિષ્ઠાથી ચોવીસ વર્ષ સેવા કરી જેને કારણે ભગવાન એંશી વર્ષ જીવ્યા.

વૈશાલીમાં આમ્રપાલીના આમ્રવનમાં રહ્યા પછી રાજગૃહના વેણુવનમાં ભગવાને વર્ષાવાસ કર્યો ત્યારે ત્યાં માંદા પડ્યા. વ્યાધિની પીડા બહુ હતી પણ શાંતભાવે વેઠતા રહ્યા. ત્યાં હંમેશની જેમ ભિક્ષુઓ આગળ ઉપદેશ-પ્રવચન કરી અંબગ્રામ, જંબુગ્રામ ને ભોગનગર થઈ પાવા ગામે પહોંચ્યા. પાવા ગામે ચુંદ સોનીને ત્યાં અંતિમ ભોજન લીધા પછી વધુ પીડા ઊપડી તોપણ ત્યાંથી વિરામ લેતા લેતા કુશિનગર પહોંચ્યા. કુકુત્થ નદી પર સ્નાન કર્યું. પછી હિરણ્યવતી નદી ઊતરીને શાલવન પહોંચ્યા. અગાઉના પ્રતાપી મહાસુદર્શન રાજાની આ રાજધાનીમાં જોડિયા શાલવૃક્ષ હેઠળ ભગવાને આસન તૈયાર કરાવીને પોતાના મહાનિર્વાણની જાહેરાત કરી. લોકોનાં

ટોળેટોળાં દુ:ખી હૃદયે ભગવાનના અંતિમ દર્શનાર્થે આવ્યાં. ભગવાને સહુને યોગ્ય ઉપદેશ આપી શાંત કર્યા. સુભદ્ર નામે સામાન્ય જનની શંકાનું નિવારણ કર્યું. એ રીતે અંત સમય સુધી લોકસેવાનું કાર્ય કર્યું. પછી વેશાખી પૂર્ણિમાની એ પવિત્ર ચિરસ્મરણીય રાત્રે એક પછી એક એમ ચાર સમાધિમાં ભગવાને પ્રવેશ કર્યો ને સ્થૂળ દેહનાં બંધનોમાંથી મુક્તિ મેળવી. ભગવાનના મહાપરિનિર્વાણના સમયે આકાશ નિરભ્ર હતું. ચંદ્ર પૂર્ણ કળાએ ખીલ્યો હતો અને શાલવૃક્ષોએ કમોસમની પુષ્પવૃષ્ટિ કરી હતી.

ભગવાનના પરિનિર્વાણ પછી મહાકાશ્યપની આગેવાની હેઠળ રાજગૃહમાં પાંચસો પ્રજ્ઞાભિક્ષુઓની સંગીતિ (ધર્મ સંમેલન) મળી. એમાં બૌદ્ધ સાહિત્યને લેખબદ્ધ કરવાનો નિર્ણય લેવાયો. પછીના શતકમાં વૈશાલીમાં એ જ હેતુથી સાતસો પ્રજ્ઞાભિક્ષુઓની સંગીતિ મળી. આ પછી એકસો છત્રીસમે વર્ષે પાટલીપુત્રમાં મોગલ્લિપુત્રમાં તિસ્સથેરની રાહબરી હેઠળ ત્રીજી વાર સંગીતિ મળી. આમ અઢીસોથી ત્રણસો વર્ષના ગાળામાં ત્રિપિટક નામે પૂરો પાલિ સાહિત્ય સંગ્રહ તૈયાર થયો.

આ ત્રિપિટકના મુખ્ય ત્રણ ભાગ છે: (૧) વિનયપિટક. એમાં સંઘના ભિક્ષુઓના વ્યવહાર તેમ જ જીવનચર્યા અંગેના નિયમો વગેરેનું વર્ણન છે. (૨) સુત્તપિટક. એમાં ભગવાન બુદ્ધ અને એમના શિષ્યો વચ્ચે પ્રસંગોપાત્ત થયેલા પરિસંવાદોનો સંગ્રહ છે, અને (૩) અભિધમ્મપિટક. એમાં બૌદ્ધ ધર્મને લગતા તત્ત્વસિદ્ધાંતો આપેલા છે. આ ત્રણે મળીને ગદ્યપદ્ય ઉભય ગણીએ તો લગભગ ત્રણેક લાખ શ્લોકો થાય એવડો આ

માતબર વાઙ્મયનિધિ છે.

ત્રિપિટકની રચના પૂરી થયા પછી એકાદ સૈકામાં જ બૌદ્ધ ધર્મમાં હીનયાન અને મહાયાન એવા બે ફાંટા પડ્યા. હીનયાનનો પાયો પાલિત્રિપિટકનો હતો. તેમાં જીવ, જગત, ઈશ્વર, આત્મા વગેરેને લગતું તત્ત્વજ્ઞાન નહોતું તેમ જ મૂર્તિપૂજા ન હતી. નિર્વાણપ્રાપ્તિ, બુદ્ધત્વપ્રાપ્તિ માટે ભિક્ષુ બનવું અનિવાર્ય મનાતું. સ્વર્ગસુખને સ્થાન ન હતું. જૂના વૈદિક ધર્મની બાબતોની તેમાં ઊણપ હતી તેથી તે પંથ હીન એટલે કે મોળો કહેવાયો. એ ઊણપ પૂરી કરીને જે પંથે ધર્મને વિશાળ કર્યો તે મહાયાન કહેવાયો. મહાયાનમાં સંસ્કૃત ગ્રંથરચનાનો આધાર લેવામાં આવ્યો. અશ્વઘોષ, નાગાર્જુન, વસુબંધુ વગેરે આચાર્યોએ એમાં એવું એક તત્ત્વજ્ઞાન ઘડી લીધું. પછી એમાં વૈભાષિક, સૌત્રાંતિક, યોગાચાર અને માધ્યમિક એવા ચાર પેટાપંથ ઊભા થયા. આમ તત્ત્વજ્ઞાન, ગ્રંથપ્રામાણ્ય, મૂર્તિપૂજા, ભક્તિ, બુદ્ધની સાથે તારા, પ્રજ્ઞાપારમિતા, વિજયાદિ સ્ત્રીદેવતાઓની પૂજા, સ્વર્ગકામનાની સિદ્ધિ અર્થે અમિતાભ બુદ્ધની પૂજા વગેરે સાત બાબતો મહાયાન પંથમાં નવી દાખલ થઈ. કનિષ્કના કાળમાં લખાયેલ 'સદ્ધર્મપુંડરીક' નામે સર્વશ્રેષ્ઠ બૌદ્ધ ગ્રંથમાં મહાયાનનું પૂરું વિવરણ છે.

બુદ્ધચરિત્રના જન્મથી નિર્વાણ સુધીના જીવનપ્રસંગોની હજારો શિલ્પાકૃતિઓ સૈકાઓ સુધી બનતી રહી. તે ભારતવર્ષમાં તેમ જ દુનિયાભરમાં આજે પણ પૂર્ણ કે વિકલરૂપે મોજૂદ છે. જડ પથ્થર પર આટલું સૌંદર્ય આ આકૃતિઓ ધરાવે છે તો તે પરથી કહી શકાય કે તે કાળના લોકહૃદય પર ભગવાન બુદ્ધના

જીવનસૌંદર્યે કેટલી ઊંડી છાપ પાડી હશે! મધ્ય એશિયાના તાકલામકાન રણના રણદ્વીપોમાં બૌદ્ધસંસ્કૃતિ ફેલાયેલી તેના અવશેષોમાંથી શહેર, સ્તૂપો, વિહારો, ગુફાઓ, ધમ્મપદ, દસ્તાવેજો, ભીંતચિત્રો, કાષ્ટાકૃતિઓ મળી આવ્યાં છે. જાવાનું વિશ્વવિખ્યાત મહામંદિર બોરોબુદુર, સમ્રાટ અશોકે ઊભા કરેલા વિહારો, સ્તંભો, સ્તૂપો અને શિલાલેખો, સાંચીનો સ્તૂપ, સારનાથની બુદ્ધપ્રતિમા, રાષ્ટ્રીય ચિહ્ન તરીકે સ્વીકારાયેલો સિંહસ્તંભ, અજંતાની ગુફાઓ ને ભીંતચિત્રો, કાર્લી વાઘ અને બદામીનાં ચૈત્યગૃહો, ગિરનાર તળેટીમાં તેમ જ કાલશી, શાહબાઝગઢી, મનશહર, ધવલી, યાવગઢ, સોપારા આદિ ગામો પાસેના શિલાલેખો, ટોપરા, મીરત, કોશામ્બી, લોરિયા, રામપૂર્વા, સાંચી આદિ ગામો પાસેના સ્તંભલેખો તેમ જ બર્બરના ગૃહાલેખો - આ બધા કાળમીંઢ પથ્થરો પર ભગવાન બુદ્ધની કરુણાનો હોજ છલકાયો છે. તેથી આજે પણ બૌદ્ધ ધર્મના આ કલાવારસામાં પ્રાણધબકાર અનુભવાય છે.

વસંતપૂર્ણિમાએ જન્મી, આષાઢી પૂર્ણિમાએ ગૃહત્યાગ કરી, અને વૈશાખી પૂર્ણિમાએ બોધિજ્ઞાન પ્રાપ્ત કરી પછી પાછી તે જ પૂર્ણિમાની પવિત્ર રાત્રિએ મહાનિર્વાણ પામેલા બુદ્ધ પોતે કરુણાના પૂર્ણાવતાર ચંદ્ર હતા. તેમનું સમગ્ર જીવન કરુણાના અમૃતપ્રવાહ સમું હતું. ગંગાયમુનાના મેદાનમાં તેમણે 'પ્રણયરસગંગા' વહાવી અને જનસમુદાયનાં પાપતાપ શમાવ્યાં.

**ધર્મચક્રપ્રવર્તન :**

બુદ્ધત્વપ્રાપ્તિ પછી ભગવાને જે સહુ પ્રથમ ઉપદેશ આપ્યો તે

ધર્મચક્રપ્રવર્તન કહેવાય છે.

ધાર્મિક મનુષ્યે બે છેડાનો ત્યાગ કરવો. પહેલો છેડો કામોપભોગ કરતા રહેવું એ છે. તે હીન, ગ્રામ્ય, સામાન્ય જનસેવિત, અનાર્ય અને અનર્થકારક છે. બીજો છેડો છે દેહદમન કરવું તે. આ છેડો પણ દુઃખકારક, અનાર્ય અને અનર્થકારક છે. આ બંને અંતિમ માર્ગ છોડીને ભગવાને જ્ઞાનચક્ષુ ખોલનારો, ઉપશમ, પ્રજ્ઞા, સંબોધ અને નિર્વાણની પ્રાપ્તિ કરાવનાર મધ્યમ માર્ગ શોધી કાઢ્યા. તેમાં ચાર આર્યસત્યો આપ્યાં :

(૧) દુઃખ નામનું પહેલું આર્યસત્ય આ પ્રમાણે છે: જન્મ, જરા (વૃદ્ધાવસ્થા), મૃત્યુ, અપ્રિય વસ્તુઓનો સમાગમ અને પ્રિય વસ્તુઓનો વિયોગ – એ પાંચ ઉપાદાન – સ્કંધ દુઃખકારક છે.

(૨) ફરી ફરી ઉત્પન્ન થનારી અને સર્વત્ર આસક્તિ ઉત્પન્ન કરનારી તૃષ્ણા એ દુઃખનું મૂળ છે. તે તૃષ્ણા ત્રણ પ્રકારની છે. કામતૃષ્ણા, ભવતૃષ્ણા અને વિભવ કે વિનાશતૃષ્ણા. – આ દુઃખસમુદાય નામે બીજું આર્યસત્ય છે.

(૩) દુઃખનિરોધ એ ત્રીજું આર્યસત્ય છે. એટલે કે એ તૃષ્ણાનો વૈરાગ્યથી પૂર્ણ નિરોધ કરવો, ત્યાગ કરવો, તેનાથી મુક્તિ મેળવવી.

(૪) દુઃખનિરોધગામિની પ્રતિપદા એટલે કે આર્ય અષ્ટાંગિક માર્ગ એ ચોથું આર્યસત્ય છે. મતલબ કે આર્ય અષ્ટાંગિક માર્ગ જ દુઃખના નિરોધનો માર્ગ છે. તેનાં આઠ અંગો છે.

**આર્ય અષ્ટાંગિક માર્ગ :**

(૧) સમ્યક્દષ્ટિ અર્થાત્ યથાર્થ જ્ઞાન એટલે કે જગત વિશેના વાચા સિદ્ધાંતમાં શ્રદ્ધા.

(૨) સમ્યક્ સંકલ્પ અર્થાત્ એકાંતવાસમાં પ્રીતિ, પ્રાણીમાત્ર પર શુદ્ધ પ્રેમ અને બીજાને ત્રાસ ન થાઓ તેવી ઇચ્છા - એમ ત્રિવિધ સંકલ્પ.

(૩) સમ્યક્ વાચા અર્થાત્ અસત્ય ન બોલવું, ચાડી ન ખાવી, કઠોર શબ્દ ન ઉચ્ચારવો અને નિરર્થક ન બોલવું એમ વાણીનો ચતુર્વિધ સંયમ.

(૪) સમ્યક્ કર્મ એટલે કે સાચાં કર્મ. એમાં ત્રણ તકેદારી રાખવાની છે. પ્રાણઘાત ન કરવો, ચોરી ન કરવી અને પરદારાગમન ન કરવું.

(૫) સમ્યક્ આજીવ એટલે ખરાબ માર્ગે નહીં પણ સારે માર્ગે ઉપજીવિકા કરવી. ઝેર વેચવાનો, કસાઈનો, ગુલામોના વેપારનો - વગેરે ધંધામાં ન પડવું.

(૬) સમ્યક્ વ્યાયામ અર્થાત્ મનમાં ન આવેલા ખરાબ વિચારોને મનમાં આવતા રોકવાનો પ્રયત્ન કરવો. આવેલા ખરાબ વિચારોનો નાશ કરવાનો પ્રયત્ન કરવો. ન આવેલા સુવિચારોને મનમાં ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કરવો અને આવેલા સુવિચારોને વધારીને પૂર્ણતા તરફ લઈ જવાનો પ્રયત્ન કરવો.

(૭) સમ્યક્ સ્મૃતિ અર્થાત્ શરીરાદિ પદાર્થો પ્રત્યે વિવેક જાગ્રત રાખવો. સુખદુ:ખાદિ વેદનાઓનું અવલોકન, પોતાના ચિત્તનું વારંવાર અવલોકન ને તાત્ત્વિક વસ્તુઓનું ચિંતન - એ ચાર રીતે ચિત્તને જાગ્રત રાખવું તે.

(૮) સમ્યક્ સમાધિ અર્થાત્ કામવાસનાઓ અને બીજી ખરાબ મનોવૃત્તિઓનો નિરોધ કરી ચાર ધ્યાનો સંપાદન કરવાં તે.

સહુ પ્રથમ દુ:ખ નામે આર્યસત્ય જાણ્યું ત્યારે નવી દૃષ્ટિ મળી. દુ:ખસમુદય જાણી તેનો ત્યાગ કર્યો. દુ:ખનિરોધ જાણી તેનો સાક્ષાત્કાર કર્યો અને દુ:ખનિરોધગામિની પ્રતિપદા નામે ચતુર્થ આર્યસત્યને જાણી આર્ય અષ્ટાંગિક માર્ગનો અનુભવ કર્યો ત્યારે ગૌતમ બુદ્ધને અભિનવ દૃષ્ટિ મળી, જ્ઞાન ઉત્પન્ન થયું, વિદ્યા ઉદ્‌ભવી અને આલોક ઉત્પન્ન થયો. મતલબ કે આ ચાર આર્યસત્યો વિશે યથાર્થ સુવિશુદ્ધ જ્ઞાનદર્શન થયું ત્યારે પૂર્ણ સંબોધિનો લાભ થયો.

ભગવાન બુદ્ધે શિષ્યોના ત્રણ ભેદ પાડ્યા હતા : ગૃહસ્થ, ઉપાસક અને ભિક્ષુ. ઉપાસકો ને ભિક્ષુઓ એવા શ્રાવકસંઘના વિભાગો હતા. મનુષ્યપ્રકૃતિ એકદમ ન બદલાય તેથી તેઓ મનુષ્ય ધ્યેયને પહોંચવાનો માર્ગ ધીમે ધીમે સમજપૂર્વક બદલવા માગતા હતા. અને તેથી તેમણે વ્યક્તિશરણતા, સંઘશરણતા ને સિદ્ધાંતશરણતા - એમ ત્રિશરણ આપ્યાં. જૂના સમયથી ચાલતી આવેલી યજ્ઞયાગ ને કર્મકાંડની પ્રતિષ્ઠા તેમણે તોડી. માંસાહારના ત્યાગનું સૂચન કર્યું. યજ્ઞમાંથી તેમ જ ભોજનમાંથી (શક્ય તેટલે અંશે) પશુહિંસા બંધ કરાવી. ધર્મના અધિકારાર્થે સમાજમાંથી જાતિભેદ તેમ જ વર્ણભેદની સંકીર્ણતા દૂર કરી વિકાસનો માર્ગ ખુલ્લો કર્યો. જીવનમાં શુદ્ધ નૈતિકતા પર ભાર મૂક્યો અને મૈત્રી, કરુણા તથા અહિંસાનો પ્રસાર કર્યો. સ્વામી વિવેકાનંદે બુદ્ધને 'આદર્શ કર્મયોગી' કહ્યા છે. કર્મયોગના ઉપદેશને યથાર્થરૂપમાં ઉતારનાર અદ્વિતીય પુરુષ તે બુદ્ધ. સ્વવિવેક ને સ્વકર્મ પર નિર્ભર રહેવાનું કહેનાર તે પ્રથમ મહાપુરુષ હતા. તત્ત્વબુદ્ધિથી, વાણીથી ને ઇન્દ્રિયોથી જે પર છે

તેના વર્ણનમાં જ્યારે વાણી, બુદ્ધિ અને ઈન્દ્રિયોની મદદ લેવાય ત્યારે અનેકવાક્યતા જન્મે તે સ્વાભાવિક જ છે. એ માટે તેઓ આંધળા ને હાથીનું દષ્ટાંત આપતા. અનુભવજન્ય જ્ઞાનની બહાર વિશાળ જ્ઞાનરાશિ છે તે દર્શાવવા ખોબામાંનાં અલ્પ પર્ણો ને વૃક્ષ પરનાં અસંખ્ય પર્ણોનું દષ્ટાંત આપતા. દુ:ખનિવારણમાં જે મદદગાર થાય તેટલાનો જ બોજ ઉઠાવવો એમ વિચારની દુનિયામાં પણ અપરિગ્રહનો આગ્રહ રાખતા. સત્ય સમજાવવું અને તે પણ પ્રેમપૂર્વક, સરળ રીતે, એવું માનતા. એકના એક પુત્રના મૃત્યુએ શોકવિહ્વળ કિસા ગોતમીને – જેને ઘેર કોઈનું પણ મૃત્યુ ન થયું હોય ત્યાંથી – રાઈના દાણા લાવવાનું કહેનાર બુદ્ધનું સર્વવિદિત દષ્ટાંત પણ એ જ સૂચવે છે. લોકભાષામાં, લોકો સમજી શકે તેવી સરળ રીતે, સદષ્ટાંત તેમણે બોધ આપ્યો. જગતમાં સૌથી વધુ વ્યાપક એવા ખ્રિસ્તી ધર્મમાં, દોષોના એકરાર માટે જેમ સપ્તાહમાં એક દિવસ મુકરર થયો છે તેમ ગૌતમ બુદ્ધે મહિનામાં એક વાર દર પૂનમે દોષોનો સંઘ સમક્ષ એકરાર કરવા ઉપોસથવિધિનું આયોજન કર્યું હતું. આત્મપરીક્ષણ કરી જીવનવ્યવહાર સુધારવાની અને એ રીતે સતત વિકાસશીલ રહેવાની કેવી સરસ રીત !

ભગવાન બુદ્ધનું જીવન એટલે કરુણા ને વિવેકનો અદ્ભુત સમન્વય. ગૌતમ બુદ્ધનું પ્રબુદ્ધ જીવન આપણા સહુને મૈત્રી, કરુણા ને મુદિતાનો સરળસહજ માર્ગ ચીંધી રહે એવી અભ્યર્થના.

*            *            *

# ઉપદેશ

''હે કાલામો, સાંભળો. કોઈના કહેવાથી, રૂઢિથી કે લોકવાયકાથી દોરાઈ જશો નહીં. સૂત્રસંગ્રહોના જ્ઞાનથી કે તર્કથી અને અનુમાનથી દોરાઈ જશો નહીં; – તેમ જ અમુક કારણોથી કે કોઈ મતનો વિચાર કરીને તેનો પોતે સ્વીકાર કર્યો છે માટે અથવા તો સારું લાગશે માટે અથવા તો એ મતનો પ્રવર્તક તમારો ગુરુ છે એ ખ્યાલથી તમે દોરવાઈ જશો નહીં. પરંતુ તમને પોતાને પ્રતીતિ થાય કે આ વસ્તુઓ સારી નથી, આમાં દોષો રહેલા છે, આને બુદ્ધિમાનો વખોડે છે, આનું આચરણ હાનિ અને દુ:ખ ઉત્પન્ન કરે તેવું છે તો પછી તમારે તેનો સ્વીકાર ન કરવો.''

* * *

બુદ્ધની માન્યતા પ્રમાણે સંસારમાં નીચે મુજબ બંધનો હતાં:

''હે ભિખ્ખુઓ, સંસાર સાથે જકડી રાખનારાં આ પાંચ ઉચ્ચ પ્રકારનાં બંધનો છે. કયાં કયાં પાંચ ? શરીરની એષણા, અશરીરની એષણા, અહંકાર, આવેશ, અજ્ઞાન – આ પાંચ છે. આ પાંચ સંસાર સાથે જકડી રાખનારાં ઉચ્ચ પ્રકારનાં બંધનોને પૂરેપૂરાં સમજવાં, પૂરેપૂરાં ઉચ્છેદવાં અને ઉખેડી નાખવા માટે આઠ પ્રકારનો ધર્મમાર્ગ બનાવવામાં આવ્યો છે અને ધ્યાનની ચાર ભૂમિકાઓ નક્કી કરેલી છે.''

* * *

ધ્યાનની ભૂમિકાઓ સમજાવતાં બુદ્ધે કહ્યું હતું:

''હે ભિખ્ખુઓ, ધ્યાનની ચાર ભૂમિકાઓ કઈ કઈ ? હે ભિખ્ખુઓ, ઇન્દ્રિયોના આનંદ અને માનસિક વિકૃતિઓથી

અલિપ્ત (બનેલો) સાધક અલિપ્તતાથી જન્મેલા આનંદ-રોમાંચરૂપ ધ્યાનની પ્રથમ ભૂમિકા – જ્યાં વિશ્લેષણ અને સંશોધન ચાલતાં હોય છે તેમાં – પ્રવેશીને સ્થિર રહે છે, તેનો દાખલો લો.

''હે ભિખ્ખુઓ, આંતરશ્રદ્ધાને બળે વિશ્લેષણ અને સંશોધન શમી જતાં ચિત્ત એકાગ્ર થઈ જાય છે અને તે સાધક ચિંતનમાંથી જન્મેલી ધ્યાનની બીજી ભૂમિકામાં પ્રવેશી રહે છે, જ્યાં હવે વિશ્લેષણ અને સંશોધન શમી ગયું હોય છે, અને જે આનંદ-રોમાંચના અનુભવરૂપ હોય છે. આનંદ-રોમાંચ અદૃશ્ય થતાં તે (સાધક) તટસ્થ, સાવધાન ને મનનશીલ બને છે, અને શારીરિક સ્વસ્થતા પ્રાપ્ત કરે છે, જેને લીધે, તે ધ્યાનની ત્રીજી ભૂમિકામાં પ્રવેશે છે અને તેને વિશે સાધકો કહે છે, ''તે તટસ્થ, સાવધાન અને સ્વસ્થ છે.''

''સુખ અને દુ:ખની અવસ્થા દૂર થતાં અને પૂર્વકાલીન હર્ષશોકના અનુભવો લય પામતાં તે (સાધક) ધ્યાનની ચોથી ભૂમિકામાં પ્રવેશે છે, જે સુખ અને દુ:ખથી મુક્ત હોય છે અને (જેને) તટસ્થતારૂપ મનશુદ્ધ સાવધાનતા હોય છે.

''હે ભિખ્ખુઓ, એ પ્રમાણે ધ્યાનની ચાર ભૂમિકાઓ હોય છે. હે ભિખ્ખુઓ, ગંગા નદી જેમ પૂર્વ ભણી વળીને વહેતી વહેતી ઝડપથી (સમુદ્રમાં) પહોંચી જાય છે તેમ સાધક પણ ધ્યાનની ચાર ભૂમિકાઓ પૂરેપૂરી સિદ્ધ કર્યા પછી નિર્વાણ ભણી વળીને ઝડપથી (લક્ષ્યસ્થાને) પહોંચી જાય છે.''

* * *

સારનાથમાં ધર્મચક્રપરિવર્તન વેળાનું ઉદ્‌બોધન:

''વિશુદ્ધ આચારના નિયમ તે ચક્રદંડ છે. એ ચક્રદંડોની સમાન દીર્ઘતા તે ન્યાય છે. વિવેક તે લોહવલય છે. વિનમ્રતા અને ચિંતનશીલતા તે નાભિ છે જેમાં સત્યની અટલ ધરી દઢ થઈ છે.

''જે દુઃખનું અસ્તિત્વ, દુઃખનું કારણ, દુઃખનું નિદાન અને તેમાંથી મુક્તિ અપાવનાર આર્ય અષ્ટાંગિક માર્ગને સમ્યક્ પ્રજ્ઞાથી જાણે છે તે ચાર આર્યસત્યોને હૃદયંગમ કરી લે છે. એવો મનુષ્ય સમ્યક્ માર્ગ પર વિચરણ કરે છે.

''સમ્યક્ દષ્ટિ એના પથને પ્રકાશિત કરનારી મશાલ થશે. સમ્યક્ ઉદ્દેશ્ય એના પથદર્શક થશે. સમ્યક્ વચન માર્ગમાંનાં આશ્રયસ્થળ થશે. એ સમ્યક્ આચારને કારણે એની પદગતિ સીધી રહેશે. જીવિકાઉપાર્જનની વિધિ એનું અનુરંજન હશે, પ્રયત્ન એનાં ચરણ, વિચાર એનો શ્વાસ અને શાંતિ એનાં પદચિહ્નોનું અનુસરણ કરશે.

''સારી ઈચ્છા, પ્રેમ, સત્યનિષ્ઠા, પવિત્રતા, અનુભૂતિની ઉદાત્તતા અને દયા – એ સદ્ધર્મનાં પ્રમુખ લક્ષણો છે.

''પ્રાણીમાત્ર આનંદની આકાંક્ષા રાખે છે તેથી સર્વ જીવો તરફ કરુણાનો પ્રસાર કરો. આ જગતમાં ઘૃણાને ઘૃણાથી રોકી નહીં શકાય પણ તેનો નિરોધ પ્રેમથી કરી શકાશે. પ્રેમ એ સનાતન નિયમ છે.''

સાંપ્રદાયિક સંકુચિતતાનો વિરોધ કરતાં બુદ્ધે નીચે મુજબ ઉપદેશ આપ્યો હતો:

''કેટલાક લોકો કહે છે કે અમારો ધર્મ જ પૂર્ણ છે અને બીજા ધર્મો હીન છે. આ રીતે લડાઈઝઘડા ઊભા કરી તેઓ વિવાદ કરે છે. તેઓ પોતાની વાત જ સાચી છે એવો આગ્રહ રાખે છે. પોતે

કલ્પેલા મતને મહત્ત્વ દેનાર અને હઠપૂર્વક વાદવિવાદ કરનાર માણસને સમજાવવો અને શાંત કરવો મુશ્કેલ છે. તે વિવાદમાં પોતાની જીતને જ પોતાનું ધ્યેય માને છે. તે અહંકારમાં મત્ત બની પોતાની જાતને માનથી અભિષિક્ત કરે છે. આ બધું સાંપ્રદાયિકતાને હૃદયસરસી ચાંપવાનું જ પરિણામ છે. અસ્થિર મનુષ્ય વાદવિવાદમાં પડે છે. ડાહ્યો અને સ્થિરચિત્ત માણસ તેમાં પડતો નથી. તે કોઈ મતનો આગ્રહ રાખતો નથી. તેને કોઈ પંથ પ્રત્યે રાગ હોતો નથી. ભિન્ન ભિન્ન મતો અને પંથો પ્રત્યે તે ઉદાસીન રહે છે. તેણે રાગદ્વેષરૂપી ગાંઠ છેદી નાખી હોવાથી તે આ કે તે મત યા પંથનો પક્ષપાતી બની અન્યને ઉતારી પાડતો નથી. તેની પાસે સાંપ્રદાયિકતા અને સંકુચિતતા ઢૂકતાં પણ નથી. તે સાંપ્રદાયિક મતમતાંતરોથી મુક્ત હોય છે, ઉદાર હોય છે.''

* * *

મુનિઓએ શું કરવું તે અંગે ભગવાન બુદ્ધે કહ્યું હતું:

''તમને લોકો મુનિઓ કહે છે – એ શબ્દ સાર્થ નીવડે અને તમારો વ્યવસાય તેને અનુરૂપ નીવડે એની તકેદારી રાખજો. તમારું ધાર્મિક જીવન નિષ્ફળ ન જાય પણ ઉત્તમ ફળ આપનારું નીવડે તે જોવાની તમારી જવાબદારી છે. પહેલાં આને માટે તમારી જાતને કેળવજો અને પછી પેલાને માટે. વળી જેટલું કર્યું છે તેટલું બસ છે અને આગળ કશું કરવાનું રહેતું નથી એમ માનીને બેસી ન રહેશો. હું તમને આદેશ આપું છું કે, જ્યારે કશુંક આગળ કરવાનું હોય ત્યારે તમારા ધ્યેયને હાંસલ કરવામાં પાછી પાની કરશો નહીં. આગળ શું કરવાનું છે? પહેલાં

આત્મનિષ્ઠ અને પાપભીરુ બનવું; પછી ક્રમે ક્રમે મન, વચન, કર્મ અને વર્તનમાં શુદ્ધ થવું; ઇન્દ્રિયો પરત્વે સજાગ રહેવું; મિતાહારી થવું; સાધનામાં એકાગ્ર થવું; સ્મૃતિમાન અને સાવચેત રહેવું; છ પ્રકારની પ્રજ્ઞા સંપાદન કરવી. આ દરેક કામ ઉત્તરોત્તર આગળ વધીને કરવાનું છે. અને જ્યારે કશુંક આગળ કરવાનું હોય ત્યારે તમે તમારા ધ્યેયને હાંસલ કરવામાં પાછી પાની કરશો નહીં. એ બધું સિદ્ધ થઈ જાય ત્યારે છેવટે સાધક કહી શકે કે કર્તવ્યકાર્ય પૂરું થયું છે, બ્રહ્મચર્યા સમાપ્ત થઈ છે.''

* * *

ભગવાન બુદ્ધે શિષ્યોને ઉપદેશકનો ધર્મ સમજાવતાં કહ્યું હતું:

''જે પણ સદ્ધર્મ શ્રવણ કરવા આવે, ઉપદેશકે તેનું ઉદારતાથી સ્વાગત કરવું તથા આત્મપ્રશંસા ન કરવી.

''ઉપદેશકે અન્યના છિદ્રાન્વેષણથી દૂર રહેવું. ન અન્ય ઉપદેશકોની નિંદા કરવી, ન મિથ્યાપવાદ કરવો, ન કટુ વ્યવહાર કરવો. કોઈ પણ શિષ્યનો નામોલ્લેખ કરી ન તો તેની ભર્ત્સના કરવી, ન તો તેના આચરણની નિંદા કરવી.

''ઉપદેશકે સ્ફૂર્તિ અને ઉલ્લાસપૂર્ણ આશાથી પરિપૂર્ણ હોવું ઘટે. તેણે ક્યારેય પણ થાકવું ન જોઈએ અને ક્યારેય પણ અંતિમ નિષ્ફળતાથી નિરાશ ન થવું.

''ઉપદેશકે ઝઘડાળુ વિવાદોથી ખુશ ન થવું કે ન તો પ્રતિભાની ઉચ્ચતા સિદ્ધ કરવા વિરોધાભાસમાં પડવું. તેણે સર્વદા સ્થિર ને શાંત રહેવું.

''જીવનની અનિવાર્ય આવશ્યકતાઓને સંતુષ્ટ કરવામાં પાપ નથી. શરીરને સ્વસ્થ રાખવું તે કર્તવ્ય છે. તે વિના વિવેકદીપ

પ્રગટાવીને મનને સશક્ત અને શુદ્ધ નહીં રાખી શકાય.''

* * *

સ્ત્રીનાં સાધારણ કર્તવ્યો વિશે ભગવાન બુદ્ધે એક વાર વિશાખાને આ પ્રમાણે ઉપદેશ આપતાં કહ્યું હતું:

''સ્ત્રીએ આદરપૂર્વક ઘરના વડીલોની સેવા કરવી જોઈએ, તેમને મધુર વેણ કહેવાં જોઈએ. તેમના ઊઠ્યા પહેલાં ઊઠવું જોઈએ અને તેમના સૂતા પછી સૂવું જોઈએ. તેણે ઘરના વડીલો ઉપરાંત પતિ જેમને આદર આપતો હોય તે સાધુજનોનું ઉચિત સન્માન કરવું જોઈએ. ઘરમાં રાખવામાં આવેલાં કપાસ, ઊન વગેરેનો યથોચિત ઉપયોગ કરવામાં તેણે નિપુણ બનવું જોઈએ. ઘરના સેવકો અને મજૂરોને જે કામ સોંપવામાં આવ્યું હોય તેને તેઓ સારી રીતે કરે છે કે નહીં તેનું તેણે નિરીક્ષણ કરવું જોઈએ. અને તેમના ભોજનનું પણ ઉચિત ધ્યાન રાખવું જોઈએ. પતિ ઘરમાં જે અન્ન યા ધન લાવે તેને સંભાળીને તેણે રાખવું જોઈએ. તેમાંથી પોતાને માટે તેણે છૂપો ખર્ચ ન કરવો જોઈએ. તેણે પંચશીલનું પાલન કરવું જોઈએ અને કંજૂસાઈ છોડી છૂટે હાથે દાન કરવું જોઈએ.''

* * *

એક વાર ભગવાન બુદ્ધ રાજગૃહમાંના વેણુવનમાં રહેતા હતા ત્યારે રાહુલ સાથે – કર્તવ્યમાર્ગમાં જાગ્રત રહેવા સંદર્ભે – નીચે મુજબ વાર્તાલાપ થયો હતો:

''રાહુલ, આરસાનો ઉપયોગ શો ?''

''પ્રત્યવેક્ષણ કરવા – જોવા માટે આરસાનો ઉપયોગ થાય છે.'' રાહુલે ઉત્તર આપ્યો.

''તે જ પ્રમાણે, રાહુલ, પ્રથમ પોતાના મનની સાથે પ્રત્યવેક્ષણ કરી પછી તું કર્મ કરતો જા. કાયા, વાચા અને મનથી એકાદ કર્મ કરવાનો જ્યારે તું આરંભ કરે, ત્યારે પ્રથમ તું તે કર્મનું પ્રત્યવેક્ષણ કર; અને તેમ કરવાથી જો તે કર્મ આત્મહિત અને પરહિતને આડે આવનારું તને જણાય, તો તેનો તું એકદમ ત્યાગ કર. પણ તે જ કર્મ આત્મહિત તથા પરહિત સાધનારું અને સુખકારક પરિણામ લાવનારું તને જણાય, તો તેનો તું અંગીકાર કર. કર્મ કરતાં કરતાં પણ તેનું પ્રત્યવેક્ષણ કરવું જોઈએ અને કર્મ આત્મહિતબાધક તથા પરહિતબાધક જણાય તો અધવચમાં જ તેને છોડી દેવું; પણ તે કર્મ સારું જણાતાં આગળ ચાલુ રાખવું. વળી રાહુલ, કોઈ પણ કર્મ કર્યા પછી પણ તારે એનું પ્રત્યવેક્ષણ કરવું. તે કર્મ ખરાબ છે, આત્મહિતને તથા પરહિતને વિઘ્ન કરનારું છે અને દુઃખપરિણામી છે, એમ જણાઈ આવતાં તથાગત પાસે કે વિદ્વાન ભિક્ષુ પાસે જઈ તારે તેનો પશ્ચાત્તાપ કરવો અને તે દિવસથી ફરી તે કરવું નહીં. પરંતુ પોતાને હાથે થયેલું કર્મ જો તને આત્મહિતસાધક તથા પરહિતસાધક હોઈ સુખપરિણામી છે એમ જણાઈ આવે, તો મુદિતઆનંદિત અંતઃકરણથી તે કર્મનો તારે ફરી ફરી અભ્યાસ કરવો.''

* * *

ભગવાન બુદ્ધે જન્મપ્રાપ્ત વર્ણનો વિરોધ કર્યો હતો. બ્રાહ્મણ કોને કહેવાય તેની વ્યાખ્યા આપતાં તેમણે કહ્યું હતું:

નિર્મલ, ધ્યાની ને સ્થિર, કૃતકૃત્ય અનાસ્રવ,<br>
લાધ્યું જેને પરં સત્ય; તેને માનું હું બ્રાહ્મણ.

મન, વાણી ને કાયાથી જે ના દુરિત આચરે,
સંયમ્યાં છે ત્રણે સ્થાન, તેને લેખું હું બ્રાહ્મણ.

* * *

ન ચળે મૈત્રીભાવેથી ગાળ બંધન ઘાતથી;
ક્ષમા જેની મહાસેના, તેને લેખું હું બ્રાહ્મણ.

ગૃહસ્થી વાનપ્રસ્થી વા, બન્નેથી છે અલિપ્ત જે,
અલ્પેચ્છુ, સ્વૈરચારી જે, તેને લેખું હું બ્રાહ્મણ.

આ લોકે પરલોકે વા જેને ના કામના કશી,
નિરપેક્ષ નિર્મળો જે, તેને માનું હું બ્રાહ્મણ.

સર્વશ્રેષ્ઠ મહાવીર, સર્વજેતા, મહર્ષિ જે,
વિનીત, બુદ્ધ, નિષ્કંપ તેને માનું હું બ્રાહ્મણ.

જે બ્રાહ્મણ જાતિમાં જન્મ્યો છે, જે બ્રાહ્મણ માતાને પેટે જન્મ્યો છે, તેને હું 'બ્રાહ્મણ' કહેતો નથી. અકિંચન અને 'અનાદાન' છે – અર્થાત્ જે દ્રવ્ય રાખતો નથી અને કોઈનું દ્રવ્ય લેતો નથી – તેને હું 'બ્રાહ્મણ' કહું છું. વિના દોષે પણ જેને તાડો, મારો, બાંધો તથાપિ હૃદયમાં મલિન ભાવ લાવ્યા વિના સહન કરે છે – એવા ક્ષમારૂપી બળવાળાને અને દૃઢતારૂપી સેનાવાળાને હું 'બ્રાહ્મણ' કહું છું.''

* * *

ખરો શ્રમણ અને ભિક્ષુ કોને કહેવાય તે સમજાવતાં કહ્યું હતું:

''માથું મૂંડાવ્યે શ્રમણ થવાતું નથી; જે નાનાંમોટાં પાપ સર્વ પ્રકારે શમાવી દે તે – પાપ શમાવવાથી – 'શ્રમણ' કહેવાય છે. પારકાને ઘેર જઈ ભિક્ષા માગે તેટલાથી ભિક્ષુ થવાતું નથી; સકળ

ધર્મ પાળીને જે ભિક્ષુ થાય છે તે જ ખરો ભિક્ષુ છે, માત્ર ભિક્ષા માગનારો જ નહીં. મૂઢ પુરુષ મૌન ધારણ કરીને બેસે તેટલાથી મુનિ થતો નથી; પણ જે ત્રાજવું લઈને બે બાજુ તોળે છે તે જ મુનિ છે. પ્રાણીઓની હિંસા કરવાથી (યજ્ઞથી) આર્ય થવાતું નથી; જે સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખે છે તે જ આર્ય છે.

આરંભો આ ક્રમે ચર્યા ભિક્ષુ ! સ્વસાધના વિશે;
ઈન્દ્રિયો વશમાં રાખી, સંતોષી આવી જે મળ્યે,
યમ ને નિયમો સેવી, આચરો ધર્મભાવના,
સેવો સન્મિત્રને એવા ઉદ્યમી ચારુશીલ જે!

કાયા ને મનવાણીથી શાન્ત ને સુસમાહિત,
તૃષ્ણાને વામી છે જેણે, ભિક્ષુ તે ઉપશાન્ત છે.
આત્માથી તાર આત્માને! આત્મરત રહી સદા,
આત્મરક્ષી સ્મૃતિવંતો ભિક્ષુ જીવે સુખે સદા.

* * *

યજ્ઞ વિશેની રૂઢ માન્યતા કરતાં ભગવાન બુદ્ધની માન્યતા સદંતર નિરાળી જ હતી. તેમની માન્યતા પ્રમાણે યજ્ઞ એટલે:

''હે માઘ, તું યજ્ઞ કર
એમ કરતી વખતે દરેક પ્રકારે હૃદયશુદ્ધિ કર;
યજમાનને યજ્ઞ સહાયરૂપ છે,
જેને આધારે યજમાન દ્વેષનો ત્યાગ કરે છે.
વીતરાગ થઈને
તે વિશાળ મૈત્રીભાવના કેળવે છે;
નિત્ય રાતદિવસ (જાગ્રત) રહીને
તે સર્વ દિશાઓને અનંત ભાવનાઓથી

મહેકતી કરી મૂકે છે.
હે માઘ, જે ત્રિવિધ યજ્ઞસંપદાથી યજ્ઞ કરે છે,
જે સુપાત્રે દાન કરીને યજ્ઞને સમૃદ્ધ કરે છે,
તે સદ્દ્ભાવશાળી યાચકપ્રિય આ પ્રમાણે યજ્ઞ કરીને
બ્રહ્મલોકને પામે છે, એવું અમારું વચન છે.''

''હે બ્રાહ્મણ, હું દરેક યજ્ઞને આવકારતો નથી. તેમ છતાં બધાને નથી આવકારતો એમ પણ નથી. જે કોઈ યજ્ઞમાં બકરાં, ઘેટાં, બતકાં અને ડુક્કરની હિંસા થાય છે અને જેમાં વિવિધ જીવંત પ્રાણીઓનો નાશ કરવામાં આવે છે, જે કોઈ યજ્ઞમાં હિંસા થાય છે, તેને હું આવકારતો નથી, તેનું શું કારણ ? પૂર્ણ પુરુષો કે પૂર્ણતાને માર્ગે વિચરતા પુરુષો આવા હિંસાત્મક યજ્ઞની નજીક ઢૂંકતા પણ નથી પરંતુ જે યજ્ઞમાં ગાયો, બકરાં, ઘેટાં, બતકાં કે ડુક્કરનો વધ કરવામાં આવતો નથી, જેમાં હિંસાનો આશ્રય લેવાતો નથી તેવા યજ્ઞોને હું અવશ્ય આવકારું છું. લાંબા સમયથી સ્થપાયેલું સદાવ્રત અથવા તો કુળના કલ્યાણને માટે અપાતો બલિ તેનાં દૃષ્ટાંતો છે. એનું શું કારણ ? કેમ કે પૂર્ણ પુરુષો અને પૂર્ણતાને માર્ગે વિચરતા પુરુષો જેમાં જીવહિંસા થતી નથી એવા યજ્ઞોની નજીક અવશ્ય આવે છે.''

* * *

પવિત્રતા કોને કહેવાય તે સમજાવતાં એક વાર ભગવાન બુદ્ધે કહ્યું હતું:

''જે મનુષ્ય ભ્રમથી મુક્ત નથી તે ન તો માછલીનો ત્યાગ કરવાથી પવિત્ર થાય છે ન તો માંસાહાર-ત્યાગથી, ન તો દિગંબર મુનિ બની ઘૂમવાથી, ન તો જટા ધારણ કરવાથી કે

વલ્કલ પરિધાનથી, ન તો ભસ્મ લગાવવાથી કે ન તો અગ્નિમાં આહુતિ આપવાથી પવિત્ર થાય છે.

''જ્યાં સુધી મનુષ્યના ભ્રમનો નાશ નથી થયો ત્યાં સુધી તે વેદપાઠથી, પુરોહિતોને દાન અથવા દેવતાઓને બલિ આપવાથી, ઉત્તાપ કે શીત દ્વારા આત્મપીડન કરવાથી - અમર થવા માટેનાં આ સર્વ કષ્ટમય વિધાનો સંપન્ન કરવા છતાં પવિત્ર થઈ શકતો નથી.

''માંસ ભક્ષણથી અપવિત્રતાનો જન્મ નથી થતો પણ ક્રોધ, પ્રમાદ, હઠ, વ્યભિચાર, છળ, ઈર્ષ્યા, આત્મપ્રશંસા, અન્યની નિંદા, ઉદ્ધતાઈ અને અશુભ અભિપ્રાયોથી અપવિત્રતા જન્મે છે.''

* * *

મનુષ્ય મન, વાણી અને કર્મથી અનેક કુકર્મો કરે છે તે દૂર કરી, સત્કર્મો કેવી રીતે કરવાં તે સંદર્ભે ભગવાન બુદ્ધે નીચે મુજબ ઉપદેશ આપ્યો હતો:

''હે ગૃહસ્થો! કુકર્મો દેહથી થાય છે, વાણીથી થાય છે અને મનથી થાય છે. દેહથી ત્રણ કુકર્મો થાય છે, વાણીથી ચાર અને મનથી ત્રણ. પ્રાણીનો ઘાત કરવો, પરધન ચોરી લેવું અને પરસ્ત્રીનો સંગ કરવો - આ ત્રણ કાયાનાં કુકર્મો છે. અસત્ય બોલવું, ચાડી ખાવી, ગાળાગાળી કરવી અને વ્યર્થ લાંબું લાંબું બોલ્યા કરવું - આ ચાર વાણીનાં કુકર્મો છે. પરદ્રવ્યનો લોભ કરવો, બીજાના પ્રાણ હરવાની ઈચ્છા કરવી અને નાસ્તિક દષ્ટિ ધરાવવી - આ ત્રણ મનનાં કુકર્મો છે. હે ગૃહસ્થો ! જે માણસ કોઈના પ્રાણ હરતો નથી, સર્વ પ્રાણીઓ પ્રત્યે દયા-મૈત્રી રાખે

છે, બીજાની વસ્તુઓ પચાવી પાડતો નથી અને બીજાની સ્ત્રીનો સંગ કરતો નથી તેનાં કાયાનાં કર્મો શુદ્ધ અને ધાર્મિક થયાં ગણાય. જેની વાણી શુદ્ધ અને ધાર્મિક હોય છે તે ખોટું બોલતો નથી, ન્યાયાધીશ આગળ ખોટી સાક્ષી પૂરતો નથી પણ જે દેખ્યું હોય તે જ કહે છે અને જે ન દેખ્યું હોય તે કહેતો નથી. એટલું જ નહીં પણ બને ત્યાં સુધી તે પારકાના ટંટા મિટાવવા પ્રયત્ન કરે છે. તેને લોકોમાં સુલેહસંપ જોઈ આનંદ થાય છે, તેની વાણીમાં એટલી મીઠાશ હોય છે કે ભાંગેલાં હૈયાં પાછાં સંધાય છે, તે કદી ગાળાગાળી કરતો નથી, કઠોર વચનો બોલતો નથી, તે નકામું બોલતો નથી પણ યોગ્ય વખતે જરૂર હોય એટલું જ બોલે છે. આ રીતે વાણીનાં ચારેય સત્કર્મો કરે છે. મનનાં સત્કર્મો આચરનાર બીજાના ધનનો લોભ કરતો નથી, બીજાની હાનિ કરવાનો વિચાર સરખો પણ તેને આવતો નથી. એટલું જ નહીં પણ સર્વ જીવોનું ભલું થાય એવું જ રાતદિવસ તે ચિંતવ્યા કરે છે અને સત્કર્મ તેમ જ સત્કર્મનાં ફળમાં તે સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે છે.''

* * *

''જે મનુષ્ય કહ્યા પ્રમાણે વર્તતો નથી, તેના સુંદર પણ અનુપયોગી શબ્દો રંગવાળા, પણ ગંધ વગરના સુંદર પુષ્પ જેવા છે. પણ જે મનુષ્ય કહ્યા પ્રમાણે વર્તે છે તેના સુંદર અને ઉપયોગી શબ્દો રંગવાળા તેમ જ સુગંધવાળા સુંદર પુષ્પ જેવા છે. પુષ્પના ઢગલામાંથી અનેક જાતની માળાઓ બનાવી શકાય. તેવી રીતે એક જન્મેલો મનુષ્ય અનેક સારાં કામો કરી શકે.''

* * *

એક વાર ભગવાન બુદ્ધે સિગાલ નામના યુવાનને વ્યસનોના દોષો સમજાવતાં કહ્યું હતું: ''હે સિગાલ ! મદ્યપાન કરવું, રાતે બહાર રખડવું, નાટક-તમાસાનું વ્યસન કરવું, જુગાર રમવો, દુષ્ટની દોસ્તી કરવી અને આળસુ બની પડી રહેવું - આ છ સંપત્તિનો નાશ કરનારાં છે. દારૂના વ્યસનથી સંપત્તિનો નાશ થાય છે, એમાં તો કંઈ કહેવાપણું જ નથી. આ ઉપરાંત દારૂથી કલહ ને રોગ વધે છે. દારૂ પીવાથી અપકીર્તિ થાય છે. દારૂ લજ્જાને મારી નાખે છે. દારૂ બુદ્ધિને નિર્બળ અને નીચ બનાવે છે. જેને રાતે રખડવાની ટેવ છે તેનો દેહ સુરક્ષિત રહેતો નથી, તેની પત્ની અને બાળકો પણ સુરક્ષિત રહેતાં નથી, તેની સંપત્તિને તે સંભાળી શકતો નથી. પોતાને કોઈ ઓળખી જશે એવો ભય તેને રહે છે, ખોટું બોલવાની તેને ટેવ પડી જાય છે અને અનેક વિપત્તિઓમાં તે આવી પડે છે. જેને નાટક, તમાસા અને જલસાઓ જોવાનું વ્યસન પડી ગયું હોય છે તે નાટક, તમાસા અને જલસાની શોધમાં જ ભમે છે. તેને પોતાની ફરજનું ભાન રહેતું નથી. તે પૈસા બગાડે છે અને જીવન પણ બગાડે છે. જુગારની લત પણ સારી નથી. જુગારમાં માણસ જીતે છે તો હારનારાઓ તેની અદેખાઈ કરે છે. તે હારે છે તો તેને દુઃખ થાય છે. જુગારીના વચનમાં કોઈ વિશ્વાસ રાખતું નથી. તેનાં સગાંવહાલાં અને મિત્રોને પણ તેના વચનમાં વિશ્વાસ રહેતો નથી. તેઓ વારંવાર તેનું અપમાન કરે છે. કોઈ તેની સાથે નવો સંબંધ બાંધવા ઇચ્છતું નથી કારણ કે સૌને તે કુટુંબનું પાલનપોષણ કરવા અસમર્થ જણાય છે. દુષ્ટની સોબત અત્યંત હાનિકર છે. જો કોઈ માણસ દુષ્ટની સોબત કરે છે તો પછી તેને ધૂર્ત, દારૂડિયા, લુચ્ચા, લફંગા, ચોર

વગેરે સર્વ પ્રકારના હલકા માણસોનો સહવાસ થાય છે અને પરિણામે દિવસે દિવસે તેનું પતન વધતું જાય છે. આળસનું વ્યસન પણ ખરાબ છે. આળસુ માણસ એક દિવસ ઘણી ઠંડીને લઈને પોતાનું કામ કરતો નથી તો બીજે દિવસે અતિશય ગરમીને લઈને તે પોતાનું કામ કરતો નથી; એક દિવસ તે સાંજ પડી ગઈ હોય છે એટલે કામ કરતો નથી, તો બીજે દિવસે સવાર પડી હોતી નથી એટલે કામ કરતો નથી. આમ તે આજનું કામ આવતી કાલ પર નાખી, નવી સંપત્તિ મેળવી શકતો નથી અને પૂર્વાર્જિત સંપત્તિનો નાશ કરે છે.''

*　　　*　　　*

મૂર્ખ અને સુજ્ઞ વચ્ચેનો ભેદ સમજાવતાં ભગવાન બુદ્ધે સુંદર દૃષ્ટાંત આપતાં કહ્યું હતું:

નદીના પ્રવાહ ઉપરથી સમજો કે,
વહેળા ધોધમાર પર્વત ઉપર થઈને અને ખીણમાં થઈને
મોટા અવાજ કરતા વહે છે;
પણ મોટી નદીઓ શાંતિથી વહે છે.
ખાલી હોય તે મોટો અવાજ કરે છે.
પણ ભરેલું હોય તે શાંત હોય છે.
અધૂરા ઘડાની જેમ મૂર્ખ છલકાય છે.
પણ સુજ્ઞ જન ઊંડા જલના ધરાની જેમ શાંત હોય છે.

*　　　*　　　*

એક દિવસ બુદ્ધે દુરાચારના ગેરફાયદા અને સદાચારના ફાયદા દર્શાવતાં કહ્યું હતું:

''હે ગૃહસ્થો ! દુરાચારી મનુષ્યને પાંચ-છ રીતે નુકસાન થાય

છે. દુરાચરણથી તેની સંપત્તિ નાશ પામે છે, તેની લોકોમાં અપકીર્તિ થાય છે, કોઈ પણ સભામાં તેનો પ્રભાવ પડતો નથી, તેના વચનમાંથી સામર્થ્ય ચાલ્યું જાય છે, મરણકાળે તેનું ચિત્ત શાંતિ અનુભવતું નથી અને મરણ પછી તેની દુર્ગતિ થાય છે. પરંતુ હે ગૃહસ્થો ! જે સદાચારી છે તેને પાંચ-છ રીતે લાભ થાય છે. સદાચારથી તેની સંપત્તિ વધે છે, લોકોમાં તેનો યશ ફેલાય છે, કોઈ પણ સભામાં તેનો પ્રભાવ પડે છે, તેની વાણીમાં બળ આવે છે, મરણકાળે તેનું ચિત્ત શાંતિ અનુભવે છે અને મરણ પછી તેની સુગતિ થાય છે.

''કેટલાક મનુષ્યોને ફરીથી જન્મ લેવો પડે છે. ખરાબ કામ કરનારા નરકે જાય છે. પુણ્ય કામ કરનાર સ્વર્ગે જાય છે. જેઓ સાંસારિક તૃષ્ણાથી મુક્ત છે તે નિર્વાણ પામે છે.

''આકાશમાં, સમુદ્રમાં, પર્વતની ગુફામાં, અરે આખા વિશ્વમાં એવી એક પણ જગ્યા નથી કે જ્યાં વસવાથી મનુષ્ય પાપકર્મના ફળથી મુક્ત થઈ શકે.''

* * *

સુખી થવાની એક ચાવી તે ક્રોધને અક્રોધથી જીતવો તે. એ અંગે ભગવાન બુદ્ધનો ઉપદેશ આ પ્રમાણે હતો:

''સુખે જીવવું હોય તો તારે ક્રોધને હણવો જોઈએ;
દુઃખી ન થવું હોય તો તારે ક્રોધને હણવો જોઈએ;
તેના વિષ-મૂલ સહિત ક્રોધને વશ કરનાર
મધુરતમ માદક રાક્ષસનો વિજેતા છે;
આ ક્રોધસંહારને આર્યોએ વખાણ્યો છે.
દુઃખી ન થવું હોય તો તારે તેને હણવો જોઈએ,

અક્રોધથી ક્રોધને જીતવો જોઈએ;
અસત્‌નો સત્‌થી પરાભવ કરવો જોઈએ;
કૃપણનો દાનથી પરાભવ કરવો જોઈએ;
અસત્યભાષીનો સત્યથી પરાભવ કરવો જોઈએ.''

* * *

દ્વેષ દૂર કરવાના પાંચ માર્ગ ભગવાન બુદ્ધે બતાવ્યા હતા:

''જે કોઈ માણસ દ્વેષભાવ સેવતો હોય તેનામાં પ્રેમ પ્રગટ કરાવવો જોઈએ. તે જ રીતે કરુણા અને સમભાવ પણ. જે કોઈ માણસમાં દ્વેષબુદ્ધિ ઉત્પન્ન થઈ હોય તેનામાં તે ભાવ પ્રત્યે દુર્લક્ષ કે અનવધાન પેદા થાય તેવું કરવું જોઈએ. જે કોઈ માણસમાં દ્વેષ જાગ્યો હોય તેણે મનમાં ખ્યાલ કરવો જોઈએ કે મારે કર્મનાં ફળ ભોગવવાનાં છે અને વિચારવું જોઈએ કે ફલાણો તેનાં પોતાનાં કૃત્ય માટે જવાબદાર છે અને તે કર્મોનાં ફળ ભોગવે છે. ભવ અને કુટુંબને માટે કર્મો કરવા જતાં કર્મ પુનઃ પુનઃ આવ્યાં જ કરે છે. સારાં કે નઠારાં જે કાંઈ કર્મ તે કરે છે તેનાં ફળ તે ભોગવવાનો છે.''

* * *

ખરાબ વિચારોને ચિત્તમાંથી કેવી રીતે દૂર કરવા તે માટે ભિક્ષુઓને બોધ આપતાં ભગવાને કહ્યું હતું:

''હે ભિક્ષુઓ! જ્યારે ચિત્તમાં ખરાબ વિચારો આવે ત્યારે તેના વિરોધી સારા વિચારોને બળપૂર્વક ચિત્તમાં લાવવા. જેમ કોઈ સુતાર પાટિયામાં બેસાડેલી મેખને બીજી મેખ મારી કાઢી નાખે છે તેમ ખરાબ વિચારોને સારા વિચારો ચિત્તમાં ભરી કાઢી નાખવા. આટલાથી પણ જો સફળતા ન મળે તો, ખરાબ

વિચારોના દોષો વિચારવા. ખરાબ વિચારો કેવા અધઃપતનકારી અને દુઃખપરિણામી છે તેનું ચિંતન કરવું. આટલાથી પણ કામ ન સરે તો ખરાબ વિચારો તરફ ધ્યાન જ ન આપવું. તેમની ઉપેક્ષા કરવી. આટલાથી પણ કામ ન સરે તો ખરાબ વિચારો કરવાથી શો લાભ છે તેનો પૂરેપૂરો વિચાર કરવો. વગર વિચાર્યે દોડતો માણસ પોતે શા માટે દોડે છે તે વિચારે તો તેનું દોડવાનું અટકી જાય છે. તેવી જ રીતે ખરાબ વિચારો કરનાર માણસ જો વિચારે કે ખરાબ વિચારો કરવા શા માટે, તેમ કરવાથી શું પ્રયોજન સિદ્ધ થવાનું, તો તે ખરાબ વિચારો કરતો અટકી જશે. આનાથી પણ જો સફળતા ન મળે તો દાંત ભીંસી જીભ તાળવે અડાડી બળપૂર્વક દુર્વિચારોને ચિત્તમાંથી હાંકી કાઢવા પ્રયત્ન કરવો, દુર્વિચારોનું દમન કરવું.''

* * *

વર્તમાનને વેડફી નહીં નાખવા વિશે ભગવાન બુદ્ધે એક વાર ભિક્ષુઓને સંબોધીને નીચે મુજબ કહ્યું હતું:

''હે ભિક્ષુઓ ! ગઈ વાતનો અધિક વિચાર કરવો નહીં. ભવિષ્ય ઉપર બહુ આધાર રાખવો નહીં. જે બની ગયું તે બની ગયું અને જે બનવાનું છે તે હજુ બનશે ત્યારે ખરું. ભૂત નાશ પામ્યું છે, ભવિષ્યનું હજી અસ્તિત્વ નથી. માટે, વર્તમાનનો બરોબર ઉપયોગ કરી લેવો જોઈએ. વર્તમાનનો જ ખરેખર વિચાર કરવો જોઈએ. કાલે જીવતા હોઈશું કે કેમ તેની કોને ખબર છે ? વર્તમાન જ આપણા હાથની વાત છે. એટલે વર્તમાનને વેડફો નહીં. સાવધાન થઈ અને હોશિયારીથી વર્તમાનનો ઉપયોગ કરો.''

* * *

એક વાર ભગવાન બુદ્ધે પોતાની જાતને આધ્યાત્મિક ખેતી કરનાર તરીકે ઓળખાવી નીચે મુજબ કહ્યું હતું:

''શ્રદ્ધા એ મારું બીજ છે,
તપસ્યા વૃષ્ટિ છે,
પ્રજ્ઞા મારાં ધૂંસરી અને હળ છે;
નમ્રતા એ હળનું લાંબું લાકડું છે,
ચિત્ત રાશ છે,
જાગૃતિ એ ફળું અને ચાબુક છે.

વાચા અને કર્મણાથી સુરક્ષિત છું,
આહારમાં સંયમી છું;
સત્ય મારી ખરપડી છે,
સત્ય એ મારો મોક્ષ છે.

યોગક્ષેમાભિમુખ લઈ જનારો ઉત્સાહ
મારા ધોરીની જોડ છે, જે
જ્યાં જવાથી શોકરહિત થવાય છે,
ત્યાં પાછું જોયા વગર, આગળ ને આગળ જાય છે.

આ રીતે ખેતી થાય છે,
અને તેનાં અમૃતફળ ઊતરે છે;
આવી રીતે જે કોઈ ખેતી કરે છે
તે બધાં દુ:ખોમાંથી મુક્ત થાય છે.''

* * *

શ્રાવસ્તીમાં એક દિવસ બુદ્ધે ભિક્ષુઓને કહ્યું:

''હે ભિક્ષુઓ! દરેકે પાંચ બાબત પ્રત્યેક પળે યાદ રાખવી જોઈએ : હું ઘરડો થવાનો છું. મને રોગો થવાના છે. મારે પણ મરવાનું છે. પ્રિય ચીજ કે પ્રિયજનનો વિયોગ થવાનો જ છે અને હું જે ખરાબ કે સારું કર્મ કરીશ તેનું ફળ મને જ મળવાનું છે. કર્મ જ મારું ધન છે, કર્મ જ મારો બાંધવ છે. હું ઘરડો થવાનો છું એ વાતનું સ્મરણ રહેતાં મનુષ્યનો તારુણ્યમદ નષ્ટ થાય છે. તારુણ્યમદને લીધે માણસ ઘણાં પાપકર્મ કરે છે. તારુણ્યમદ નષ્ટ થતાં આવાં પાપકર્મોથી બચી શકાય છે. મને રોગો થવાના છે એ વાતનું સ્મરણ રહેતાં મનુષ્યનો આરોગ્યમદ નષ્ટ થાય છે, અને પરિણામે આરોગ્યમદજન્ય કુકર્મોથી તે બચી જાય છે. હું મરણધર્મી છું એ વાતનું સ્મરણ રહેતાં મનુષ્યનો જીવિતમદ નષ્ટ થાય છે અને પાપકર્મો કરતાં તે અટકે છે. પ્રિય ચીજ યા પ્રિયજનનો વિયોગ અટળ છે એ વાતનું સ્મરણ રહેતાં પ્રિય વસ્તુ યા પ્રિયજન માટે પાપકર્મો કરતાં તે અટકે છે અને વિયોગદુ:ખનો ભોગ થઈ પડતો નથી. 'હું જે કર્મ કરીશ તેનું ફળ મને જ મળવાનું છે, કર્મ જ મારું ધન છે અને કર્મ જ મારો બાંધવ છે.' આ વાતનું સ્મરણ રહેતાં મનુષ્ય પાપકર્મ કરતો નથી, પણ સત્કર્મો જ કરે છે.''

તે કાળે કેટલાક લોકો દિશાવંદનનો નિયમ પાળતા. ભગવાન બુદ્ધે જગતનું કલ્યાણ કરવાની દષ્ટિથી દિશાવંદનનું નવીન અર્થઘટન આ રીતે કરાવ્યું:

''સ્નાન કરીને પવિત્ર થવું એ બસ નથી. છ દિશાને નમસ્કાર કરવાવાળાએ નીચેની ચૌદ બાબતોનો ત્યાગ કરવો જોઈએ:

(૧) પ્રાણઘાત, ચોરી, વ્યભિચાર અને અસત્યભાષણ એ ચાર દુઃખરૂપ કર્મો;

(૨) સ્વચ્છંદ, દ્વેષ, ભય અને મોહ એ ચાર પાપનાં કારણો, અને

(૩) મદ્યપાન, રાત્રિભ્રમણ, નાટક-તમાશા, વ્યસન, જુગાર, કુસંગતિ અને આળસ એ છે સંપત્તિનાશનાં દ્વારો.

''આ રીતે પવિત્ર થઈને એણે માતાપિતાને પૂર્વ દિશા સમજી તેમની પૂજા કરવી. એમની પૂજા એટલે એમનું કામ અને પોષણ કરવું, કુળમાં ચાલી આવેલાં સત્કર્મો ચાલુ રાખવાં, એમની સંપત્તિનો યોગ્ય વિભાગ કરવો અને મરી ગયેલાં ભાંડુઓના ભાગનાં દાનધર્મ કરવાં.

''ગુરુને દક્ષિણ દિશા સમજી એ આવે ત્યારે ઊભા થઈ, બીમાર હોય ત્યારે શુશ્રૂષા કરી, શીખવે ત્યારે શ્રદ્ધાપૂર્વક સમજી લઈ, પ્રસંગે તેમનું કામ કરી અને એમણે આપેલી વિદ્યાને સંભારી રાખી એ દિશાની પૂજા કરવી.

''પશ્ચિમ દિશા સ્ત્રીની જાણવી. એનું માન રાખવાથી, અપમાન ન થવા દેવાથી, પત્નીવ્રતના પાલનથી, ઘરનો કારભાર એને સોંપવાથી અને જોઈતાં વસ્ત્રાદિક પૂરાં પાડવાથી એની પૂજા થાય છે.

''ઉત્તર દિશા એટલે મિત્રવર્ગ અને સગાંસંબંધી, એમને આપવા જેવી ચીજો એમને ભેટ કરવાથી, એમની સાથે મીઠાશ રાખવાથી, એમને ઉપયોગી થઈ પડવાથી, એમની જોડે સમાનભાવે વર્તવાથી અને નિષ્કપટ વ્યવહારથી એ દિશા બરાબર પૂજાય છે.

''અધોદિશાનું વંદન સેવકને ગજા પ્રમાણે જ કામ સોંપવાથી, પૂરતો અને વખતસર પગાર ચૂકવવાથી, બીમારીમાં એમની માવજત કરવાથી તથા સારું ભોજન અને પ્રસંગોપાત્ત ઈનામ આપવાથી થાય છે.

''ઊર્ધ્વ દિશાનું પૂજન સાધુસંતોને કાયા, વાચા અને મનથી આદર કરવાથી, ભિક્ષામાં અડચણ ન કરવાથી અને યોગ્ય વસ્તુના દાનથી થાય છે.''

* * *

એક વાર બુદ્ધે ભિક્ષુઓને કહ્યું:

''હે ભિક્ષુઓ ! કોઈ રંગારો મેલું વસ્ત્ર રંગવા લાગે તો તે સારી રીતે રંગી શકાતું નથી. તેનું કારણ એ છે કે તે વસ્ત્ર મેલું છે. મેલા વસ્ત્ર ઉપર રંગ બરાબર ચડતો નથી, તેવી જ રીતે, ચિત્ત મેલું હોય તો તેના ઉપર સદ્‌ગુણનો-આધ્યાત્મિકતાનો રંગ ચડતો નથી. ચિત્તનો મેલ છે રાગ, દ્વેષ, ઈર્ષ્યા, માત્સર્ય, શઠતા, કુટિલતા, અભિમાન અને પ્રમાદ. મેલા વસ્ત્રને ધોઈ તેના ઉપર રંગ ચડાવવામાં આવે તો તેના ઉપર રંગ બરાબર ઊઘડે છે. તેવી જ રીતે ચિત્તના મળોને દૂર કરી, ચિત્તને સાફ કરવામાં આવતાં સદ્‌ગુણો તેનામાં સહેલાઈથી પ્રવેશે છે. માટે રાગદ્વેષ વગેરે ચિત્તમળોને દૂર કરી, ચિત્તને શુદ્ધ કરવું સૌ પ્રથમ જરૂરી છે. કેટલાક લોકો ગંગામાં સ્નાન કરીને પોતે શુદ્ધ થઈ ગયા એમ માને છે. કેટલાક ગયાતીર્થ જઈ આવ્યાથી પોતે શુદ્ધ થઈ ગયા એમ માને છે. ગંગા, ગયા, મૂર્ખ માણસ રોજ જાય તોપણ શુદ્ધ થવાનો નથી. બધા સાથે વેર કરનારા પાપી માણસને ગંગા, ગયા, વગેરે શું કરી શકવાનાં ? જે પુણ્યકર્મો કરે છે તેને તો સૌ

સ્થાનો તીર્થ છે અને રોજ શુભ નક્ષત્ર છે. તેના હાથે હંમેશાં વ્રત થયા જ કરે છે. ડાહ્યા માણસે ધર્મકાર્યમાં જ પ્રવૃત્ત રહેવું અને સૌ જીવોને પ્રેમ કરવો.''

* * *

બુદ્ધે પ્રસંગોપાત્ત જનસમાજ સમક્ષ રજૂ કરેલી ચિંતનકણિકાઓ:

''ધર્મ સરોવર છે;
સદ્ગુણ તેનો સ્નાન કરવાનો ઘાટ છે,
તેના સ્વચ્છ અને નિર્મળ જળનાં સજ્જનો વખાણ કરે છે.
ત્યાં ખરું જોતાં વિદ્યાવંતો સ્નાનાર્થે આવે છે
અને શુદ્ધ થઈને પેલી પાર પહોંચે છે.

સત્ય ધર્મ છે, સંયમ બ્રહ્મ-સાધના છે,
હે બ્રાહ્મણ, બ્રહ્મપ્રાપ્તિનો માર્ગ તે મધ્યમ માર્ગ છે.
અજંપે રાત લાંબી, ને કોશ લાંબો શ્રમિતને;
જન્મની શૃંખલા લાંબી, જેણે જાણ્યો ન ધર્મને.
માત કે તાતથી જે ના બને, વા સ્વજનો વડે,
સંયમી ચિત્તથી લાધે શતધા શ્રેય આપણું.
દુર્બુદ્ધિ સંયમહીણા જીવે સો વર્ષ સામટાં,
તેથી ધ્યાની મનીષીનું જીવ્યું દી એકનું રૂડું.
ક્લૈબ્ય ને આળસે જીવ્યું આયુ વ્યર્થ શતાબ્દનું
કર્મવીર તણું જીવ્યું રૂડું એકાદ રોજનું.
અમૃતધર્મને પ્રીછ્યા વિના જીવ્યું શતાબ્દનું
વ્યર્થ; ધર્માંમૃત માણ્યે ધન્ય જીવ્યું થઈ જતું.''

## સંતવાણી ગ્રંથાવલી - ૨૦૦૬

| | | કિંમત |
|---|---|---|
| ૧. | જગદ્‌ગુરુ શ્રી આદિ શંકરાચાર્ય | ૧૨-૦૦ |
| ૨. | શ્રીરામકૃષ્ણ પરમહંસ | ૯-૦૦ |
| ૩. | સ્વામી વિવેકાનંદ | ૯-૦૦ |
| ૪. | શ્રી શ્રીમા આનંદમયી મા | ૯-૦૦ |
| ૫. | ભગવાન મહાવીર | ૧૨-૦૦ |
| ૬. | મહાત્મા ગાંધીજી | ૧૬-૦૦ |
| ૭. | ઈશુ ખ્રિસ્ત | ૧૬-૦૦ |
| ૮. | મહર્ષિ વિનોબા ભાવે | ૧૮-૦૦ |
| ૯. | હજરત મહંમદ પયગંબર | ૯-૦૦ |
| ૧૦. | ભગવાન ગૌતમ બુદ્ધ | ૯-૦૦ |
| ૧૧. | સ્વામી સહજાનંદ | ૧૦-૦૦ |
| ૧૨. | અશો જરથુષ્ટ્ર | ૯-૦૦ |
| ૧૩. | ગુરુ નાનકદેવ | ૧૦-૦૦ |
| ૧૪. | સંત કબીર | ૧૦-૦૦ |
| ૧૫. | મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્ય | ૧૦-૦૦ |
| ૧૬. | શ્રી સ્વામી રામદાસ (કનહનગઢ-કેરાલા) | ૧૦-૦૦ |
| ૧૭. | મહર્ષિ દયાનંદ | ૯-૦૦ |
| ૧૮. | શ્રીમદ્ રાજચંદ્ર | ૧૦-૦૦ |
| ૧૯. | સાધુ વાસવાણી | ૧૦-૦૦ |
| ૨૦. | પૂજ્ય શ્રીમોટા | ૯-૦૦ |
| ૨૧. | શ્રી રમણ મહર્ષિ | ૧૦-૦૦ |
| ૨૨. | મહર્ષિ અરવિંદ | ૧૨-૦૦ |
| ૨૩. | શ્રી રણછોડદાસજી મહારાજ | ૧૦-૦૦ |
| ૨૪. | શ્રી રંગ અવધૂત | ૧૦-૦૦ |
| ૨૫. | શ્રી પુનિત મહારાજ | ૯-૦૦ |
| ૨૬. | સ્વામી મુક્તાનંદ | ૯-૦૦ |
| ૨૭. | સ્વામી શિવાનંદ સરસ્વતી (હૃષીકેશ) | ૧૨-૦૦ |
| ૨૮. | સ્વામી ચિદાનંદ સરસ્વતી | ૧૨-૦૦ |
| | | ૩૦૦-૦૦ |

**આ ગ્રંથાવલિનાં ૨૮ પુસ્તકોની કિંમત રૂ.૩૦૦ થાય છે. ગ્રંથાવલિનો સંપુટ ખરીદનારને તે રૂ.૨૦૦ના રાહત દરે આપવામાં આવશે.**

રૂ.૨૦૦ (સેટની)

ISBN 81-7229-237-6 (set)